# જાગૃતિ સંદેશ


Price : 5/-
Total Page : 32 Monthly

JAGRUTI SANDESH

Vol 19 Issue No. 5 - Mumbai MAY-2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર





Jain Jagruti Center Central Board
JJC Central Board Charitable Trust
Presents
પ્રેમ નો દરિયો અને વ્હાલની ભરતી એટલે લાડકી.
Laadki
Give girls the wings to fly
Musical concept performed by female singers between 10 -16 years
એક નહી પણ બે કુળ નુ નામ રોશન કરે એ લાડકી.
આપણાં દેશની દિકરીઓ માટે રચવામાં આવેલી એક અનોખી સંગીતમય રજુઆત.
An eye opener show
Show designed by RANGAT PRODUCTION

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.

ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯

Website: www.jainjagruti.com
E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ



### કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |



**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.**
**કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ મિત્રો ભાઈઓ તથા બહેનો - બાળકો,

જય જિનેન્દ્ર,

દરેક વર્ષે ગરમીનો આંક આગળના વર્ષના રેકર્ડને ક્રોસ કરતો જાય છે. બીજી તરફ અમેરિકા, યુરોપમાં ઠંડી-હિમવર્ષા કે વિનાશક વાવાઝોડાનો રેકર્ડ ગત વર્ષના રેકર્ડને પાછળ રાખી દે છે. કુદરત કોપાયમાન થઈ છે આપણા પર! માણસ ગમે તેટલી વૈજ્ઞાનિક છલાંગ મારે, પણ પ્રકૃતિ તો સેકન્ડના હજારમાં ભાગમાં જમીન પર પટકાવી દેવા સમર્થ છે. માટે હવે પર્યાવરણ સાથે ચેડાં બંધ કરવા આંતરરાષ્ટ્રીય કાયદા બનાવી તેનો કડક અમલ કરવો અતિઆવશ્યક થઈ ગયું છે. નહિતર પ્રલય કે કયામત નજીક જ છે.

આપણાં દુઃખ કરતાં બીજાનું દુઃખ વધારે જોઈ આપણું દુઃખ ઘણી વાર ભુલાઈ જવાય છે. મુંબઈમાં અમે ૩૫+ ઉષ્ણતામાનથી ત્રાહિમામ્ થઈ જઈએ ત્યારે યુ.પી., બિહાર, રાજસ્થાન, ગુજરાતની હાલત જોઈને એમ થાય કે આપણે તો ઘણા જ સુખી છીએ. આવી ગરમીમાં ભારતના પાટનગર દિલ્હીની બેહાલી જોઈને એમ થાય કે મુંબઈ ખરેખર પુણ્ય નગરી છે.

અંગ્રેજોને આપણે ગમે તેટલા બદનામ કરીએ, પણ તેઓ કેટલાંય સારાં કામ કરતાં ગયા છે! ૧૦૦/૧૫૦ વર્ષ પહેલાંના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ કે વૉટર પ્રોજેક્ટ થકી આજે ૧૨૫ લાખ મુંબઈગરા સુખસાહ્યબી માણે છે. મુંબઈમાં વર્ષે-બે વર્ષે ક્યારેક જ વીજળી જાય. મુંબઈગરાને ક્યારેય પાણી-વીજળીની તકલીફ પડી નથી તેના માટે જમશેદજી તાતાનો કૃતઘ્નતાપૂર્વક ઋણસ્વીકાર કરી મુંબઈએ કમ સે કમ વર્ષમાં એકવાર તો શ્રદ્ધાપૂર્વક તેમને યાદ કરવા જોઈએ.

જમશેદજી તાતાની દીર્ઘદૃષ્ટિથી મુંબઈની વસ્તી જ્યારે ૨૦/૨૨ લાખ હતી ત્યારે જ ખાપોલી પ્રોજેક્ટ, આંધ્રવેલી પાવર પ્રોજેક્ટ જેવા પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યા અને એના થકી જ આજે મુંબઈ વસ્તીને કાંઈ તકલીફ નથી પડતી.

દૂરંદેશીનો ઉલ્લેખ થયો તો આપણે જેજેસીની દીર્ઘકાલીન દીર્ઘદૃષ્ટિથી પુષ્ટિ પામેલ સાધર્મિક ભક્તિરૂપ ઉચ્ચ શિક્ષણ અભિયાનનો ઉલ્લેખ ગર્વપૂર્વક કરવો જ રહ્યો. પૂરી દુનિયામાં જૈન જ્ઞાતિ તેની સાધર્મિક પ્રવૃત્તિ માટે પ્રખ્યાત છે. એક જૈન સંજોગોને આધીન નબળા પડી ગયેલા તેના બીજા જૈન ભાઈ-પરિવારના ઉત્થાન માટે કાંઈક ને કાંઈક ઉપાય કરશે જ.

મુંબઈ જેવા કૉસ્મોપોલિટન શહેરમાં મારા ઘણા મિત્રોએ તેમના બીજી કૉમ્યુનિટીના મિત્રોને એવું કહેતા ટાંક્યા હશે કે -

તમે જૈનો એકબીજાને હેલ્પ કરી ઉપર લઈ આવો છો જ્યારે અમારે તો કોઈ જરા સુખી થાય તો તેના ટાંટિયા ખેંચી નીચે પછાડવાની પ્રવૃત્તિ ખીલે છે.

આવો બળાપો લગભગ દરેક જૈનોતરો કરતા હોય છે. આવા વિરલ જૈન સમાજના આપણે સભ્ય છીએ. પૂર્વભવના પુણ્યયોગે જૈન ધર્મમાં જન્મ મળ્યો તો એને સાર્થક કરવો જોઈએ. જૂના જમાનામાં સુખી-સંપન્ન જૈનોએ જાતબંધુઓને યોગ્ય સમયે તન-મન-ધનથી મદદ કરી ઉદ્ધાર કર્યાના હજારો નહીં, પણ લાખો દાખલાઓ મોજૂદ છે. ફક્ત જાતબંધુઓને નહીં, પણ સમાજના અન્ય માનવબંધુઓની અને તે ઉપરાંત પ્રાણીઓની પણ સંભાળ લીધી છે.

ધર્મના ફેલાવા માટે જ્યારે ધર્મસ્થાનકો, ધર્મશાળા, વૈયાવચ્ચ વગેરેની જરૂર હતી ત્યારે શ્રેષ્ઠીઓએ સંપત્તિ રેલાવી દેવામાં કોઈ પાછીપાની કરેલ ન હતી. બદલાતા સમય સાથે જ્યારે શિક્ષણનો પ્રભાવ વધ્યો ત્યારે વીસમી સદીની શરૂઆતથી જ શિક્ષણસંસ્થાઓ, વિદ્યાર્થીઓ માટે ઠેરઠેર બોર્ડિંગ/છાત્રાલયો ઊભાં કરવામાં પીછેહઠ કરી નહીં. ગામડામાંથી આવતા જૈન વિદ્યાર્થીઓ છાત્રાલય/બોર્ડિંગમાં જ આશરો પામી આજે ભણીગણીને સમાજમાં અગ્રિમ હરોળમાં સ્થાન પામ્યા છે. આ લાભાર્થીઓ સમાજની સેવા કરવા ખડેપગે ગમે ત્યારે તત્પર હોય છે.

હવે પ્રવાહ પલટાયો છે. હાયર ઍજ્યુકેશનનો પ્રભાવ ઘણો વધી ગયો છે. દરેક વિદ્યાર્થીએ હાયર ઍજ્યુકેશન લેવું અનિવાર્ય બની ગયું છે. સ્પેશિયાલિટીનું મહત્ત્વ બહુ જ વધી ગયું છે. સુખી-સંપન્ન-મજબૂત સમાજનું નિર્માણ કરવા જૈન બાળકો વધુ ને વધુ ભણે તે માટે જૈન સમાજના પૈસેટકે સમૃદ્ધ લોકોએ પોતાની ફરજ નિભાવવી જ જોઈએ અને એ સંદર્ભમાં જ જૈન જાગૃતિ જેવી સંસ્થા અથાક પ્રયત્ન કરી રહી છે.

આપ સૌ જૈન જાગૃતિ સેન્ટરના જ એક સભ્ય છો તેથી કોઈ પણ ટેલેન્ટેડ જૈન બાળક/વિદ્યાર્થી પૈસાના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની સમગ્ર જૈન સમાજની સાથે આપણી પણ ફરજ છે.

સમાજની એક અગ્રગણ્ય સંસ્થાની હેસિયતથી આપણે આ અભિયાન શરૂ કર્યું છે. સેન્ટ્રલ બોર્ડ આપ સૌ તરફથી ઘણી જ આશા લઈને આવે છે. વરસમાં ફક્ત એક જ વાર આ માટે આપની પાસે આવીએ છીએ. આ અભિયાન દરેક જેજેસી સભ્યનો સહિયારો યજ્ઞ છે. આનાં ફળ વરસોવરસ મળતાં રહેશે. છેવટે જૈન સમાજ એક પ્રબળ સમૃદ્ધ સમાજ બનીને જ રહેશે. અમે તમારી પાસે આવી રહ્યા છીએ. હજી પાંચ વર્ષ માટે આવીશું. ત્યાર બાદ આ અભિયાન પોતાની મેળે જ ચાલશે.

ઉચ્ચ શિક્ષણ અભિયાન-૨૦૧૯નો ઉપક્રમ ચાલુ થઈ ગયો છે. જરૂરી ફોર્મ On Line ઉપલબ્ધ છે. બધી જરૂરી સૂચના અને જરૂરિયાતનું લિસ્ટ પણ On Line ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વિનંતી કે સમયસર તેનો લાભ લે.

આ લખું છું ત્યારે ૧૨મા ધોરણનું અને એસ.એસ.સી.નું પરિણામ આવશે. આશા રાખું છું કે દરેક વિદ્યાર્થીઓની મહેનત ફળી હશે. તેઓ તેમની મનગમતી લાઇનમાં ઍડ્મિશન મેળવી લે અને ગોઠવાઈ જાય તેવી શુભેચ્છા પાઠવું છું. By Chance કોઈ વિદ્યાર્થીને ધાર્યા પ્રમાણે માર્ક્સ ન આવ્યા હોય તો મૂંઝાવું ન જોઈએ. નિરાશ ન થવું જોઈએ. હવે તો ઘણીબધી લાઈનો ખૂલી ગઈ છે. કેટલીય તકો તમારી રાહ જુએ છે. દરેક સફળ માણસોએ તેમને મળેલી તકો ઝડપી લીધી છે. એ બધા જ એસ.એસ.સી.માં, ૧૨મા ધોરણમાં અવ્વલ માર્ક્સ સાથે પાસ થયેલા હોતા નથી. પરિણામોથી આવેલો હતાશાનો ઝટકો ખંખેરી થોડા સમયમાં કામે લાગી જશો. સફળતા તમારી રાહ જોતી હશે. આપણે જૈનો એકબીજાને હેલ્પ કરી ઉપર લઈ આવીએ છે.

જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરીટેબલ ટ્રસ્ટનો 'Higher Education Financial Assistance' પ્રોજેક્ટ છેલ્લા ૧૪ વર્ષથી ખૂબજ પ્રગતિ કરી રહેલ છે. આપ સર્વે આ પ્રોજેક્ટથી વિદિત છો અને દર વર્ષની પરંપરા મુજબ આપણે હાયર એજ્યુકેશન ફંડ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ વર્ષે આપણે આપણા ફંડ રેઈઝીંગના પ્રોગ્રામ માટે એક નહીં પણ બે કુળનું નામ રોશન કરે એ લાડકી... પ્રેમનો દરિયો અને વ્હાલની ભરતી એટલે લાડકી એવો એક અનોખી સંગીતમય કાર્યક્રમનું આયોજન કરેલ છે. એમાં ૧૦-૧૬ વર્ષની ઉમરની કિશોરીઓ ગીતો પ્રસ્તુત કરશે.

મિત્રો આપણે કોઈને દરિયા જેટલું નથી આપવું આપણે તો આપણા જૈન બાળકોને સમૃદ્ધ, સદ્ધર અને મજબુત બનાવવા ખોબા જેટલું આપી અમે જ્યારે તમારા સેન્ટરમાં શિક્ષણ અભિયાનની અપીલ કરવા માટે આવીએ ત્યારે આપ આપણી રકમ લખાવી દેજો.

''ખોબો'' ભરીને પાણીનો છટકાંવ કરી આ બગીચાને, આ ઉદ્યાનને લીલોછમ રાખવો છે.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅનઃ જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી.અમૃત નગર | : | ૮-૪-૧૯ | પૉવર ઑફ થૉટસ - પ્રવચન | ◈ |
| | : | ૮-૪-૧૯ | તમે ઘણું જીવો - નાટક | * |
| | : | ૮-૪-૧૯ | વેટ ઍન્ડ જૉય વૉટર પાર્ક - રિસોર્ટ | * |
| ● જેજેસી.અંકલેશ્વર | : | ૨૭-૪-૧૯ | ધમાલ ઈશ્ક - નાટક | ◈ |
| ● જેજેસી બોરીવલી | : | ૯-૪-૧૯ | ભારતીબેન ભૂલા પડ્યાં - નાટક | * |
| | : | ૧૦-૪-૧૯ | મેડીકલ કૅમ્પ - લીલાવતી હૉસ્પિટલ | ◈ |
| | : | ૨૧-૪-૧૯ | વેટ ઍન્ડ જૉય વૉટર પાર્ક - રિસોર્ટ | * |
| ● જેજેસી ચેમ્બુર | : | ૨૨-૪-૧૯ | તમે ઘણુ જીઓ - નાટક | * |
| ● જેજેસી ભાંડુપ-વિક્રોલી | : | ૨૮-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી. જુહુ | : | ૩-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં- નાટક | ◈ |
| | : | ૯-૪-૧૯ | નૉટ ગિલ્ટી - અમૃતા ગાંધી - નાટક | ◈ |
| | : | ૨૧-૪-૧૯ | રેડ કાર્પેટ - ફિલ્મ | * |
| | : | ૨૫-૪-૧૯ | તાશ્કંદ ફાઈલ - ફિલ્મ | ✦ |
| ● જેજેસી. બીચ સાઈડ | : | ૨૫-૪-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ✦ |
| ● જેજેસી. જુહુ બીચ | : | ૫-૪-૧૯ | તમે ઘણું જીવો - નાટક | * |
| | : | ૨૧-૪-૧૯ | એ જીંદગી ગલે લગા લે - કાઝલ ઓઝા | * |
| ● જેજેસી. જેમ જગડુશા | : | ૨૫-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી. રૉયલ જગડુશા | : | ૨૯-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી.દહિસર | : | ૨૯-૪-૧૯ | ઠાકોરજી - નાટક | ◈ |
| ● જેજેસી. કાંદિવલી | : | ૨૪/૨૫-૪-૧૯ | કીટ્ટા બુચ્ચા - નાટક | ✦ |
| ● જેજેસી. લે.વિ. સે.મુંબઈ | : | ૮-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| | : | ૨૩-૨૪/૧૯ | કલંક - ફિલ્મ | ◈ |
| | : | ૨૫-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયા - નાટક | ◈ |
| ● જેજેસી. લે.વિ. મુંબઈ | : | ૨૫-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયા - નાટક | ◈ |
| ● જેજેસી. મલાડ | : | ૨-૪-૧૯ | ઈશારા ઈશારામાં - નાટક | * |

| | | | |
|---|---|---|---|
| ● જેજેસી. મુલુંડ | : ૨૪-૪-૧૯ | હસાયરો - હાસ્ય દરબાર | * |
| ● જેજેસી. મુંબઇ | : ૯-૪-૧૯ | ઈશારા ઈશારામાં - નાટક | ◈ |
| ● મુંબઈ | : ૨૧-૪-૧૯ | કલંક - ફિલ્મ | ◈ |
| ● જેજેસી. નૉર્થ ઈસ્ટ | : ૨૮-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી. નૉર્થ વેસ્ટ | : ૩૦-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં- નાટક | ◈ |
| ● જેજેસી.પિંક પંતનગર | : ૧૬-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ✦ |
| | : ૨૪-૪-૧૯ | કલંક - ફિલ્મ | ✦ |
| ● જેજેસી. પેડર રોડ | : ૬-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| | : ૨૧-૪-૧૯ | કલંક - ફિલ્મ | ◈ |
| | : ૨૮-૪-૧૯ | જુનુન સુફી ગઝલ - કવ્વાલી | * |
| ● જેજેસી. સાયન-માટુંગા | : ૭-૪-૧૯ | અમે બધા LIVE છીએ - નાટક | ◈ |
| | : ૨૦-૪-૧૯ | હમ તુમ - ઑર્કેસ્ટ્રા | * |
| ● જેજેસી. વિલે પાર્લે | : ૭-૪-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ✦ |
| | : ૧૪-૪-૧૯ | કલ - આજ - ઔર કલ - મ્યુઝીકલ પ્રોગ્રામ | ◈ |
| ● જેજેસી. રજવાડી | : ૫-૪-૧૯ | વીણાબેન વાઈરલ થયાં - નાટક | ◈ |
| | : ૨૧-૪-૧૯ | નયન ને બંધ રાખીને - પંકજ ઉદાસ - ગઝલ | ✦ |
| ● જેજેસી. બોટાદ | : ૨૧-૪-૧૯ | મેડીકલ કેમ્પ - ડૉ. પ્રાંજલ પીપારા | ✦ |
| | : ૧૭-૪-૧૯ | ત્રીશલાનંદન વીરકી જય બોલો મહાવીરકી - ભક્તિ સંગીત | * |
| ● જેજેસી. કોલકાત્તા | : ૩-૪-૧૯ | મઝેદાર માર્ચ - રિંકુબેન પારેખ - ગેમ્સ શૉ | * |
| ● જેજેસી. વાપી | : ૬-૪-૧૯ | કવ્વાલી - દેવચાની બેન્ડ્રે | ◈ |
| | : ૨૭-૪-૧૯ | સાનુ ઍન્ડ નાનુ - નાટક | ◈ |
| ● જેજેસી. વાપી લે.વિંગ | : ૬-૪-૧૯ | કવ્વાલી - દેવચાની બેન્ડ્રે | ◈ |
| | : ૨૭-૪-૧૯ | સાનુ ઍન્ડ નાનુ - નાટક | ◈ |
| ● જેજેસી. ઉંમરગામ | : ૬-૪-૧૯ | કવ્વાલી - દેવચાની બેન્ડ્રે | ◈ |
| | : ૨૭-૪-૧૯ | સાનુ ઍન્ડ નાનુ - નાટક | ◈ |
| ● જેજેસી. શિવાજીપાર્ક | : ૧૨-૪-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ◈ |
| ● જેજેસી. વસઈ | : ૨૩-૪-૧૯ | શાતિર - નાટક | ◈ |

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
# ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## આયોજીત



# ૨૫મો સમુહલગ્નોત્સવ



## માગશર વદ ૪, રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૯

**મુંબઈમાં** નક્કી કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે **૨૧ યુગલો**ને લેવામાં આવશે.

**સમુહ લગ્ન માટે** જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૦૨૨-૬૬૯૫૬૬૯૯ ટેલિફૅક્સ: ૦૨૨-૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## JUNE CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Sion Matunga | 09-06-1979 | Praful Shah | 9820028905 | Rajesh Gandhi | 9821069989 |
| 2 | Ladies Wing Rajkot | 12-06-2005 | Nila Parekh | 9824293236 | Divya Parekh | 9898024768 |
| 3 | Mundra | 18-06-2005 | Bhupendra Mehta | 9825214599 | Rajan Mehta | 9825072691 |
| 4 | Jamnagar West | 19-06-2011 | Vijay Mehta | 9824897956 | Jayprakash Vora | 9426384121 |
| 5 | Porbander | 19-06-2011 | Ashok Mehta | 9427386063 | Mukesh Parekh | 8238303956 |
| 6 | Deodar | 22-06-2008 | Dinesh Shah | 9427599369 | Hitesh Shah | 9427044481 |
| 7 | Vapi | 28-06-2008 | Nalin Sanghavi | 9825145027 | Jignesh Bhayani | 9824154308 |
| 8 | Ladies Wing Vapi | 28-06-2009 | Sandhya Shah | 9825124202 | Dipika Lalan | 9726250275 |
| 9 | Chennai | 29-06-1997 | Nitin Shah | 9841052151 | Shrejus Kothari | 9962512909 |
| 10 | Kalawad | 29-06-2012 | Praful Mehta | 9998100500 | Jagdish Doshi | 02894-222075 |

# સાચું સોનું તો સહુના અંતરમાં છે!

- આચાર્ય ઉદયકીર્તિસાગરસૂરિ

રૈવતાચલ પર્વતની યોગભૂમિ પર રાજકુમાર નેમ એક એક શિખર પર આરોહણ કરતા જાય છે અને ભીતરમાં પ્રકૃતિના શાંતરસનું અમૃતપાન કરે છે. પંખી, પાણી, સાબર અને સિંહ સાથે ગોષ્ઠિ કરે છે. ચિત્તમાં નદીના વહેતા જળ જેવી પ્રસન્નતા છે અને કાનમાં પંખીઓના કલરવનો ગુંજારવ છે.

બહારની દુનિયામાં મહાભારતના યુદ્ધની પૂર્વતૈયારીઓ ચાલતી હતી. હસ્તિનાપુરની રાજગાદી માટે પાંડવો અને કૌરવો સૈન્ય બળ એકઠું કરતા હતા. મહારથીઓ પોતાનો પક્ષ નક્કી કરતા હતા અને અક્ષૌહિણી સેનાઓ યુદ્ધભૂમિ પર વિરોધીને હણવા માટે આતુર બની હતી. હસ્તિનાપુર નગરીમાં આવો કોલાહલ અને રક્તપિપાસા હતી, તો બીજી બાજુ જૂનાગઢના રૈવતાચલ પર્વત પર રાજકુમાર નેમ પરમ શાંતિનો અનુભવ કરતા હતા. આ યોગભૂમિમાં જોયું તો અહીં પણ કેટલાકે ધર્મની દુકાનો ખોલી હતી. કોઈ સિદ્ધિનો વેપાર કરતા હતા, તે કોઈ સંતાનપ્રાપ્તિ કાજે દોરા-ધાગા કે મંત્રો આપતા હતા. નેમની દૃષ્ટિ રૈવતાચલ પર્વત પરની સુવર્ણગુફા પર પડે છે.

કહે છે કે આ સુવર્ણગુફા અત્યંત ચમત્કારિક છે. એના યોગી પાસે સુવર્ણવલ્લી છે. લોખંડના પાત્ર પર એમાંથી બે બિંદુ નાખો, તો લોખંડ સુવર્ણ બની જાય છે. પરંતુ એ યોગીની તૃષા હજી તૃપ્ત થઈ નથી. એની ઈચ્છા તો આખીય સુવર્ણવલ્લીને ઊઠાવી બીજે ક્યાંક લઈ જવાની છે. ભીતરના આત્માનંદના સુવર્ણને બદલે સુવર્ણની ધાતુ યોગીના મનમાં રાતદિવસ ઘૂમતી હતી.

રાજકુમાર નેમને આ ગુફા ભણી આવતા જોઈને પરિચિત લોકોને આશ્ચર્ય થયું. અરે! આ શું? દ્વારિકા તો સોનાની છે, તો પછી નેમકુમાર શાને કાજે અહીં યોગી પાસે સુવર્ણ લેવા આવ્યા હશે?

સુવર્ણની યાચના માટે આવેલા શ્રેષ્ઠી ધનાનંદે નેમકુમારને કહ્યું, 'ચાલો, આપને હું સુવર્ણના યોગી પાસે લઈ જાઉં. આપની સઘળી તૃષા  તૃપ્ત થશે અને પરિપૂર્ણ સંતોષ થશે.

નેમિકુમારે હળવેથી સવાલ કર્યો, મારી તૃષા તૃપ્ત થશે? શું મારા ભીતરની એ ભૂખ ભાંગશે?'

'હા, જરૂર એમણે હજારોના ભીતરની ભૂખ ભાંગી છે. તો આપની તો ભાંગશે જ ને!'

આકાશભણી જોઈને નેમે કહ્યું, 'પણ મારી ભૂખ તો કોઈથી સંતોષાય તેવી નથી.'

શ્રેષ્ઠિ ધનાનંદને થયું કે નેમકુમારને આખી સુવર્ણવલ્લી જ ઉપાડી જવી લાગે છે. બસ, પછી તો સુવર્ણને સુવર્ણ એ સિવાય બીજું કશું નહીં. ધનાનંદે કહ્યું, 'આપણે સુવર્ણગુફામાં જઈને સુવર્ણની એ વેલને જ ઊઠાવી જઈશું. યોગી એને છુપાવે છે. કોઈને બતાવતો નથી. પણ આપણે ભાળ મેળવ્યા વગર રહીશું નહીં.

નેમકુમારે હસતાં હસતાં સવાલ કર્યો, 'વાહ,તમે તો સુવર્ણને બદલે સુવર્ણ આપતી વેલ જ ઉઠાવી જવા માગો છો ખરું ને?'

નેમકુમારને સ્વાર્થી સંસારની માયા દેખાઈ. આ તે કેવો માનવી અને એની કેવી એની તૃષા. એમણે કહ્યું પછ્યું,' કઈ રીતે ઉઠાવી જઈશું આ સુવર્ણવલ્લીને?'

પરિચિતે ધીમા અવાજે કહ્યું, 'આપ ક્ષત્રિય છો અને હું શૂરવીર છું. આપણે બંને ભેગા મળીએ પછી કશુંય અશક્ય નથી. જુઓ, તમે ગુફામાં દાખલ થઈને શોધી કાઢજો કે સુવર્ણવલ્લી ક્યાં છે. બસ, મળે એટલે ઊઠાવી લેજો એ હું આપણા માર્ગમાં કાંટા સમાન યોગીને ઝડપી લઈશ. સામનો કરશે તો પછાડીશ અને હુમલો કરશે તો એની હત્યા કરીશ.'

રાજકુમાર નેમે કહ્યું, 'અરે ભાઈ, આ સુવર્ણની તો કોને માયા છે? સાચું સોનું આ સુવર્ણગુફામાં નથી. આ સુવર્ણવલ્લીમાં નથી. સાચું સોનું તો આપણા સૌના અંતરમાં છે, એને ઓળખ.'

એવામાં ભવ્ય પાલખીમાં બેસીને યોગીને આવતા જોયા. ચોતરફ અનુયાયીઓ એમનો જયઘોષ કરતા હતા. સોને મઢેલી એમની પાલખી તરફ સહુ કોઈ તાતી આંખે જોતા હતા. અને મોટા મોટા શ્રીમંતો પણ આ સુવર્ણયોગીની ચાકરી કરવા માટે પડાપડી કરતા હતા.

રાજકુમાર નેમ આ દૃશ્ય જોઈને હસી ઊઠ્યા. કેવી સ્વાર્થ સાધુઓની છે આ દુનિયા! એક સ્વાર્થે બીજા સ્વાર્થને કેવું અવલંબન આપ્યું છે. બંને બાહ્ય જગતની ઝાકમઝાળમાં એવા ભૂલા પડ્યા છે કે ન પૂછો વાત. રૈવતાતલ પર્વતની યોગભૂમિ મળવા છતાંય એમની ભોગની લાલસા ગઈ નથી.

યોગી થોભ્યા રાજકુમાર નેમને જોઈને પાલખીમાંથી નીચે ઊતર્યા. નેમે કહ્યું, 'યોગીરાજ, 'ગુરુ લોભી અને ચેલો લાલચી' એ ઉક્તિ તમે જાણો છો ને?'

આ સાંભળતા જ યોગીરાજનો ગુસ્સો ફાટી ઊઠ્યો. કોપાયમાન થઈને એમણે કહ્યું, 'અરે હું યોગી? હું તો દાની છું. બીજાઓને હું સુવર્ણનું દાન આપું છું.

નેમ બોલ્યા, 'દાન ખરું, તમે સુવર્ણ આપીને પ્રસિદ્ધિનું દાન મેળવો છો. ધન આપીને તમે અનુયાયી મેળવો છો.'

આ સાંભળતા જ યોગીની આંખમાંથી અંગારા વરસવા લાગ્યા એ જોરથી ત્રાડ પાડી ઊઠ્યા, 'તો હું કીર્તિ લોભી છું? મને છંછેડશો નહીં, હું ગુસ્સે થયો તો તમને બાળીને ભસ્મ કરી દઈશ.'

ગોચરી

સ્વાર્થ સૌથી વધુ બળવાન છે. એને કારણે મિત્ર શત્રુ બની જાય છે અને શત્રુ મિત્ર બની જાય છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ થાય ત્યાં સુધી વ્યક્તિ બીજાને સન્માન આપે છે અને પછી વિચારે છે કે નદીમાં સામે કિનારે પહોંચી ગયા છીએ હવે નૌકાનું શું કામ? ધન, વૈભવ અને અધિકાર એ બધા જ સ્વાર્થ સાથે જોડાયેલા હોય છે. કોઈ નિંદા કરે કે વંદના પણ એની પાછળ સ્વાર્થનો જ ધંધો હોય છે.

# જૈન જાગૃતિ સેન્ટર - બોટાદ
# ઓર્થોપેડિક ફ્રી નિદાન કેમ્પ



બોટાદ જૈન જાગૃતિ સેન્ટર દ્વારા મહાવીર સ્વામીનાં જન્મ કલ્યાણકનાં દિવસે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું જેમાં ગિરીરાજ જૈન દેરાસરનાં પ્રાંગટણમાં ભાવનગરનાં કલાકારો દ્વારા ભક્તિ-ભાવનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કબુતરની જુવારની પ્રભાવનાં કરાઈ હતી તેમજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળામાં લોકોને પાણી મળી રહે તે માટે પાણી પરબ ખોલવામાં આવ્યું હતું, જેમાં દાતાઓ દ્વારા બિસલરી ઠંડા પાણીનાં જગ મુકવામાં આવ્યા છે. ઉપરાંત અમદાવાદથી ડો. પ્રાંજલ જૈન દ્વારા ફ્રી–નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ૧૨૦ જેટલા દર્દીઓએ ભાગ લીધો હતો.

# યુવતીઓ માટે ભારતની પ્રથમ મિલિટરી સ્કુલ



પુણે નજીક આવેલું કોથરુડ શા કારણથી પ્રસિદ્ધ છે? વેલ, ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસમાં આ સ્થાનનો સૌથી વધુ ઝડપે વિકાસ પામતા ઉપનગર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમારો આ ઉત્તર અર્ધો સાચો છે. આ સ્થાન એક અન્ય કારણસર પણ લોકોની નજરમાં વસ્યું છે. અને એ છે કન્યાઓ માટે શરૂ કરવામાં આવેલી ભારતની સૌપ્રથમ મિલિટરી સ્કૂલ. મહારાષ્ટ્ર એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત રાણી લક્ષ્મીબાઈ મુલીંચી સૈનિકી શાળા (આરએલએમએસએસ)માં પાંચમાં ધોરણથી માંડીને ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કરવાની સુવિધા ઉપલબ્ધ છે. અહીં ગુરૂકૂળ પ્રથા અને મિલિટરી ટ્રેનિંગનો સુંદર સમન્વય જોવા મળે છે.

શરૂ થયાના એક વર્ષની અંદર જ વિદ્યાર્થીઓની સંખ્યા ૩૯થી વધીને ૮૦ પર પહોંચી ગઈ છે એજ બાબત સ્કલૂની લોકપ્રિયાતની ખાતરી દર્શાવે છે.

આ સ્કૂલમાં પાડવામાં આવેલા 'હાઉસીસ' ના નામ પરથી જ સ્કૂલના ભારતીય પણાનો ખ્યાલ આવી જશે. લક્ષ્મીબાઈ, અહિલ્યાબાઈ, જીજામાતા જેવા ''હાઉસીસ' દ્વારા મહારાષ્ટ્રની સ્ત્રી શક્તિને બિરદાવવામાં આવી છે. આ શાળાના કમાન્ડર અનંત ગોખલેની વાત પ્રમાણે અહીંની દરેક વિદ્યાર્થિની ભવિષ્યમાં સૈનિક પાયલટ કે જનરલ બનવાની મહેચ્છા ધરાવે છે. અને જે રીતથી તેમને ટ્રેઈનિંગ આપવામાં આવી રહી છે એ જોતા તેમની આ બાંધવા માટે રૂા. પાંચ કરોડની યોજના પણ બનાવવામાં આવી છે. શરૂ કરી તેમણે અન્ય રાજ્યો માટે જ્વલંત ઉદાહરણ પૂરૂં પાંડયું છે.

કોન્વેન્ટીયા કલ્ચરમાં મોહાંધ બની ગયેલી નવી પેઢીમાં રાષ્ટ્રીય પ્રેમ જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે સેના-ભાજપ યુતિ સરકારે બે વર્ષ અગાઉ શિસ્ત અને નિયમનું જ્ઞાન આપી શિક્ષણ આપવામાં આવે તેવી સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. ''જવાબદાર નાગરિકો'' ઘડવાના સેનાના ધ્યેયના આ ચરણ અંતર્ગત ૧૯૯૬-૯૭માં ધૂળે, નાંદેડ, ઉસ્માનાબાદ, અમરાવતી, નાગપૂર અને ચંદ્રપુરમાં છ મિલિટરી સ્કૂલો ખોલવામાં આવી છે. તેમજ અહમદનગર. ઔરંગાબાદ એક જ મિલિટરી સ્કૂલ છે. એવી હવા ફેલાઈ છે કે અહીંના વિદ્યાર્થીઓ સેનાના કટ્ટર ટેકેદારો હશે અને હિંદુત્વના વિચારને ચૂસ્તપણે અનુસરશે.

નેતાગીરી, શિસ્ત અને રાષ્ટ્રીયતા જેવા ગુણો ખીલવવાના તેમજ યુવા પેઢી ડિફેન્સમાં જોડાવા ઉત્સાહિત બને એ હેતુસર સ્થાપવામાં આવેલી. આ સ્કૂલને હાલમાં તો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મહારાષ્ટ્ર રાજ્ય ગોરીલા વ્યુહ અપનાવી રહી છે. આને કારણે ધીરે ધીરે ફાસિવાદી રાજ્યની સ્થાપના થશે. આનો હેતુ શિક્ષિત બેકારોની સમસ્યા સુલઝાવવા તેમજ રાષ્ટ્રપ્રેમ જગાડવાનો છે પરંતુ આ સ્કૂલ પાકિસ્તાન પ્રત્યે દુશ્મનાવટની ભાવના જગાડશે એવો ભય કોમ્યુનિલિઝમ કોમ્બાટના તંત્રી ટીસ્ટા સેતસવાડને છે. જોકે પ્રિસન્સીપાલનું માનવું છે કે અહીં નિયમિતતાના ગુણો ખીલવવામાં આવશે અને તેઓ એ જ રીતે જીવન જીવવાનો આગ્રહ રાખશે. અને આ ગુઓ ભવિષ્યમાં ખૂબ જ કામમાં આવશે એવું તેમનું માનવું છે.

સવારે પોણા છ વાગ્યે ઉઠી જવું અને રાત્રે સાડા નવ સુધી મિલિટરી વિષયો, સ્વિમીંગ અને શારીરિક શિક્ષણ ઉપરાંત શૈક્ષણિક વિષયોનો અભ્યાસ કરાવવામાં આવે છે. શારીરિક શિક્ષણ અંતર્ગત જૂડો, કરાટેની પણ તાલીમ આપવામાં આવે છે. સ્પર્ધાત્મક વિશ્વમાં તેઓ પોતાનું સ્થાન ટકાવી શકે એ માટે વિદ્યાર્થિનીઓને ગણિત અને વિજ્ઞાનનો

વિષય તથા અંગ્રેજી ભાષામાં શીખવાનો વિકલ્પ આપવામાં આવે છે.

આટલી સુવિધાઓ આપતી શાળામાં ફી પણ મસમોટી આપવી પડતી હશે એવો ડર મનમાં ઉદ્‌ભવે એ સ્વાભાવિક છે. પરંતુ આ ભય સદંતર ખોટો છે. કારણ કે આ સ્કૂલમાં ભણવા માટે વર્ષે દહાડે રૂા. બાર હજારે અને પાંચ હજાર રૂપિયા ડિપોઝિટ તરીકે ચૂકવવા પડે છે અને સરકાર તરફથી નાણાકીય સહાય અપૂરતી હોવાને કારણે આ ફી કંઈ વધારે પડતી તો ન જ કહેવાય. જો કે વાલીઓ રાજીખૂશીથી રૂ. સત્તર હજાર જેટલી ફી ભરવા માટે તૈયાર છે. સંસ્થાઓ મિલિટરી અને સ્પોર્ટસના સાધનો માટે સરકાર પાસે મદદ માંગી છે. તેમજ દર વર્ષે ફીમાં દસ ટકા વધારો કરવા માટે સૂચવ્યું છે.

હિંદુત્વની ભાવનાના બીજ રોપવા માટે ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી જેવા ઉત્સવો તો ઉજવાય જ છે આ ઉપરાંત શ્લોકો અને ગીતાનું વાચન પણ થાય છે. જૂના જમાનામાં ચાલતા ગુરૂકુળનું આ એક શ્રેષ્ઠ દ્રષ્ટાંત છે. પ્રિન્સિપાલની આરએલએમએસએસ સ્કૂલમાં સર્વધર્મ પ્રાર્થના તેમજ ઈતિહાસ પ્રસિદ્ધ વીરાંગના રઝીયા સુલતાનના નામ પરથી એક ''હાઉસ'' સ્થાપવાની યોજના છે.

વિરોધી પક્ષ કોંગ્રેસના નેતા પણ મહારાષ્ટ્રમાં ડિફેન્સ સ્કૂલની સ્થાપના કરવાના પક્ષમાં છે. ડિફેન્સ ફોર્સમાં પંજાબ કરતા મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ ખૂબ જ ઓછા પ્રમાણમાં હોવાથી મિલિટરી સ્કૂલો સ્થાપવાનો નિર્ણય સર્વ સંમતિથી લેવામાં આવ્યો હોવાની સ્પષ્ટતા તેમણે કરી હતી.

આ ઉપરાંત મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્ર કેડેટ કોર્પસ (એમસીસી)ની પણ સ્થાપના કરી છે જેમાં ૧૪ લાખ વિદ્યાર્થીઓ જોડાયા છે. રાજ્યના દરેક જિલ્લામાં નવમા ધોરણથી આ કોર્સ ફરજિયા છે.

આરએલએમએસએસની વાત પર પાછા ફરીએ તો અહીં ભણતી વિદ્યાર્થિનીઓ નકશા વાંચન, અગ્નિશામક જવાનોને મળતી તાલીમ, ફિલ્ડ સિગ્નલ, ફિલ્ડ ફોર્મેશન વગેરે શીખવવામાં આવે છે.

*- સાભાર ગુજરાત સમાચારમાંથી*

# ફળોના રાજા કેરીને તોલે કોઈ ન આવે

**આબાલ-વૃદ્ધ, ગરીબ-તવંગરને એકસમાન પ્રિય સ્વાદ સોડમનો રાજા**

આંબો, આ નામ સાંભળતાવેંત મોમાં પાણી આવી જાય. મીઠી-મધુરી રસદાર કેરીના સ્વાદ-સોડમ મનને પણ પ્રફુલ્લિત કરી મૂકે. અબુધ ભૂલકાંથી લઈને વયોવૃદ્ધો સુધીની ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે જેને કેરી ન ભાવે. અને કેરી ખાવાની જેવી મઝા છે તેવી જ મોજ કેરી તોડવામાં પણ આવે છે.

કેરી તોડવાની વાત આવી છે ત્યોર ૧૯૭૮ના એક કિસ્સા વિશે જાણવું રસપ્રદ થઈ પડશે. તે વખતે લઉનઉના નવાબ જફર મીર અબ્દુલ્લાએ તેમના મહેલમાં થોડાં બ્રિટીશ મહેમાનોને આમંત્ર્યા હતા. આમાંના એક મહેમાને નવાબને વિનંતી કરતાં કહ્યું હતું કે આ મહેમાનોની મોરોક્કોની એક નર્સે ક્યારેય આંબાના વૃક્ષ પરથી કેરી નથી તોડી. તેને આંબા પરથી કેરી ચૂંટવાની બહુ ઈચ્છા છે.

વાસ્તવમાં લખનઉની કેરીઓ અત્યંત સ્વાદિષ્ટ અને રસદાર હોય છે. પણ ૧૯૭૮નું વર્ષ લખનઉ માટે 'ફળદાયી' નહોતું નિવડ્યું. ગ્રીષ્મ ઋતુમાં લીલી લીધી કેરીઓથી લચી પડતાં આંબા વાંઝણી નાર જેવા લાગતા હતા. આવી સ્થિતિમાં મોરોક્કોની નર્સ ક્યા આંબા પરથી કેરી તોડે? જો કે નવાબ તેને નિરાસ કરવા નહોતા માગતા તેથી ત્રણે જણ નવાબની મોટરબાઈક પર બેસીને અંતરિયાળ વિસ્તારોમાં આવેલા આંબાવાડિઓ સુદ્ધામાં ફરી વળ્યા. પણ કેરીના વૃક્ષો પર ફળનું નામોનિશાન નહોતું.

થોડાં કલાકની રઝળપાટ પછી તેઓ કેરીના એક બગીચાના માલિકને મળ્યાં. તેણે નવાબને ઓળખી કાઢ્યા. તે તેમને પોતાના આંબાવાડિયાની વચ્ચોવચ આવેલા પાકા, રસદાર ફળોથી લચી પડેલા આંબા પાસે લઈ ગયો. તેણે નવાબને કહ્યું કે આ આંબો મેં તમારા જેવા ખાસ લોકો માટે સંભાળી રાખ્યો છે. તમારા મહેમાન તેમાંથી જેટલાં ચાહે એટલા ફળ બેઠાં બેઠાં, ઊભા ઊભા ઘૂંટણીયે બેસીને કે જમીન પર સુઈને પણ તોડી શકે છે. કહેવાની જરૂર નથી કે

મોરોક્કોની નર્સે ત્યાંથી મનભરીને કેરીઓ તોડી.

કહેવાનો અર્થ એ છે કે આ એક એવું ફળ છે જે ભાગ્યે જ કોઈને અસંતુષ્ટ રાખે. આપણા પૌરાણિક શાસ્ત્રમાં પણ ફળોના આ રાજાનો ઉપયોગ ઉલ્લેખ આવે છે. આ ગ્રંથોના વિદ્વાનો કહે છે કે કેરીને કામદેવ સાથે સાંકળવામાં આવી છે. મીઠી-મધુરી કેરીનું રસપાન કરવાનું કોને ન ગમે? તેઓ વધુમાં કહે છે કે આંબો ખાવાની રીત જ કેટલી શ્રૃંગારિક છે. તમે પહેલાં તેની છાલ ઉતારો છો. પછી તેનું બટકું ભરો છો. તેનો રસ ચુસીને તેનો આહલાદક સ્વાદ અને ઘ્રાણેન્દ્રિયને તરબતર કરી દેતી સોડમ માણો છો. આ સઘળી પ્રક્રિયા જ કેટલી કામોત્તેજક છે.

ભારતીય પ્રજામાં કેરી કેટલી પ્રિય છે એ વાત ઠેર ઠેર થતાં આંબાના આકૃતિના ઉપયોગ પરથી સિદ્ધ થાય છે. માનુનીઓના વસ્ત્રાભૂષણોમાં કેરીના આકૃતિ ઓલ ટાઈમ ફેવરિટ રહી છે. વાસ્તવમાં કેરી ભારતના વૈભવનું પ્રતિક છે. તેથી જ મોટર ઉત્પાદક કંપની મારૂતિ સુઝીકીએ તેના 'એ-સ્ટાર' કોન્સેપ્ટમાં અને ઘડિયાળ ઉત્પાદક કંપની ટાઈટને તેના 'નેબુલા' અને 'રાગા' કલેક્શનમાં 'આંબી' એટલે કે કેરીની આકૃતિનો ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, આ ઘડિયાળ ઉત્પાદક કંપની દર થોડા વર્ષે તેના વિવિધ પ્રકારના ઘડિયાળોમાં 'આંબી'ને સ્થાન આપે છે.

કેરીએ કવિ હૃદયમાં પણ અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લખનઉ સ્થિત કવિ સુશીલ કોરવીએ આંબા પર લખાયેલી કવિતાઓ વિષયક ૧૨૮ હિન્દી પાનાના પુસ્તકનું સંકલન કર્યું છે. આ પુસ્તકમાં કેરી વિશે ૭૦૦ દુહા ૬૯૯ વખત 'આમ' એટલે કે કેરી શબ્દ આવે છે.

છેલ્લી ચાર પેઢીથી આંબા ઉગાડતા અને વેંચતા એક વેપારી કહે છે કે કેરીની સુગંધ જ એટલી આહલાદક હોય છે કે છ માસના ભૂલકાને આંબો સુંઘાડવામાં આવે તો તેનો ચહેરો હસી ઉઠે. તે વધુમાં જણાવે છે કે પોતાના શિશુને પ્રથમ ગ્રાસ ભરાવવા માગતા ઘણાં માતાપિતા અમને બોલાવે છે. બાળકને સૌથી પહેલાં કેરી ખવડાવવાથી રૂડું શું? તેવી જ રીતે કોઈનું પ્રિયજન મરણપથારીએ હોય ત્યારે તેને આંબો ખવડાવવા ઈચ્છતા લોકો અમારી પાસે કેરી લેવા આવે છે. તેમને ખાતરી હોય છે કે અમે ગમે તેમ કરીને કેરી લાવી આપીશું.

તમને જાણીને નવાઈ લાગશે, પણ એ હકીકત છે કે ભારતમાં ૧૦૦૦ જાતની કેરીઓ ઉગે છે. અલબત્ત, માત્ર ૨૫ જાતની કેરીઓ જ વ્યાપારી ધોરણે ઉગાડવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે દેશના ચોક્કસ પ્રદેશના લોકો ચોક્કસ કેરી ખાવાનું જ પસંદ કરે છે. જેમ કે ઉત્તર ભારતીયો દશેરી, મહારાષ્ટ્રીયનો આફૂસ, ગોવાવાસીઓ માંકુર, ગુજરાતીઓ કેસર, ઉત્તર પૂર્વના લોકો હિમસાગર, તમિળો રૂમાની અને માલગોવા, આંધ્ર પ્રદેશના લોકો બાંગનપલ્લી કેરી ખાય છે. આવી સ્થિતિમાં આપણને સહેજે પ્રશ્ન થાય કે આમાંથી સૌથી વધુ ખવાતી કેરી કઈ? અને તેનો દેશભરથી એકીસ્વરે આવતો ઉત્તર છે. આફૂસ. વાસ્તવમાં આફૂસ કેરી માત્ર ભારતમાં જ નહીં. વિશ્વભરમાં પ્રિય થઈ પડી છે. તમને એ જાણીને પણ આશ્ચર્ય થશે કે આફૂસ કેરી મૂળભૂત રીતે ભારતીય ફળ નથી. વાસ્તવમાં પોર્ટુગીઝો પંદરમી સદીમાં મરી-મસાલાના વેપાર માટે ભારત આવ્યાં ત્યાં સુધી હિન્દુસ્તાનના લોકોએ આફૂસનું નામ પણ નહોતું સાંભળ્યું. તેમના આગમનમ બાદ આલ્ફાન્સો અલબુકર્કના નામના એક બ્રાઝિલિયને પોતાના દેશમાંથી લાવેલી વિવિધ પ્રકારની કેરીની કલમોમાંથી આંબાની નવી જાત વિકસાવવાના પ્રયોગો કર્યાં. અને તેમાંથી આફૂસનો જન્મ થયો. આ કેરીને આલ્ફન્સોનું નામ અપાયું. કોંકણ વિસ્તારમાં ઉગેલી આ કેરીના નામનો ઉચ્ચાર કરવાનું કોંકણવાસીઓને ન ફાવ્યું એટલે આલ્ફાન્સોનું અપભ્રંશ આફૂસ થયું. અને જગતભરમાં તો આફૂસ તરીકે જ પ્રચલિત બની.

કોંકણમાં ૧,૮૨,૦૦૦ હેક્ટરમાં ઉગાડવામાં આવતી કેરીનો વર્ષે દહાડે ૩,૫૦,૦૦૦ મેટ્રીક ટન પાક ઉતરે છે. જો કે કેરીના ઉત્પાદનમાં આંધ્ર પ્રદેશ મોખરે છે. અહીં લગભગ ૫૦ લાખ એકર વિસ્તારમાં ૨૭ લાખ ટન કેરીનું ઉત્પાદન થાય છે. અહીંના દરિયા કાંઠાના વિસ્તારમાં બાંગનપલ્લી કેરી મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે. જ્યારે ઉત્તર પ્રદેશના લખનઉ જિલ્લામાં આવેલો મલીહાબાદ વિસ્તાર મેંગો બેલ્ટ તરીકે જાણીતો છે. અહીં લંગડા, દશેરી, ચૌસા, ફઝલી, લખનૌઆ, જૌહરી, સફો જેવા જાતજાતની કેરીઓ ઉગાડવામાં આવે છે. જોકે મલીહાબાદની દશેરી કેરી સૌથી જાણીતી છે. આ વિસ્તારમાં આવેલી મોટાભાગની આંબાવાડીઓ પેઢી દર પેઢીથી ચાલી જઆવે છે. આંબાના

આ બગીચાઓના માલિકો તેમના પડોશીઓ સાથે સ્પર્ધા કરવા નવી નવી જાતની વધુને વધુ મોટી અને ગુણવત્તાસભર કેરીઓ ઉગાડવાના પ્રયાસમાં રહેતા.

મલીહાબાદની કેરીઓના નામ શી રીતે પડ્યા તે જાણવું પણ રસપ્રદ થઈ પડશે. અહીં એક લંગડી વ્યક્તિ મોટાભાગે આંબાના એક વૃક્ષ નીચે રહેતી હતી તેના પરથી તેનું નામ લંગડા પડ્યું. જ્યારે ફઝલી નામની મહિલાના નામ પરથી કેરીની એક જાત ફઝલી નામે ઓળખાય છે. ચૌસા અને દશેરી કેરી અહીંના આ ગામના નામો પરથી ઓળખાઈ. આ સિવાય મલીહાની આંબાવાડીઓના માલિકોએ તેમની કેરીઓને અલીફ લૈલા, લૈલા મજનૂ, હુસનારા, હર દિલ અઝીઝ, હીરે હયાત, બેનઝીર, નૂરજહાં જેવા 'હુસ્નેબહાર'નામ આપ્યા છે. મલીહાબાદની વાત ચાલતી હોય ત્યારે ક્લીમુલ્લા ખાનનો ઉલ્લેખ ન થાય એવું શી રીતે બને? ચાર પેઢીથી કેરી ઉગાડવાના વ્યવસાય સાથે સંકળાયેલા ક્લીમુલ્લાખાન એક જ વૃક્ષ પર અનેક પ્રકારની કેરીઓ ઉગાડવાના પ્રયોગો કરીને પદ્મશ્રી ખિતાબના હકદાર બન્યાં છે. તેઓ કહે છે કે અમારા આંબા ખાવાની ખરી મોજ ચોમાસા પછી પડે છે. ત્યાં સુધી કેરીમાંની ગરમી નીકળી જાય છે અને તે કોઠે ટાઢક પહોંચાડે છે.

'ઈન્ડિયન કાઉન્સલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ એન્ડ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હોર્ટિકલ્ચરલ રીસર્ચ' ના ડાયરેક્ટર ડૉ. ટી. મંજુનાથ કહે છે કે ભારતીય પ્રજા કેરીના સ્વાદને પ્રાધાન્ય આપે છે. જ્યારે અન્ય દેશના લોકો માટે કેરીનો દેખાવ વધુ મહત્ત્વનો હોય છે. પશ્ચિમના દેશોમાં લોકો રતાશ પડતી કેરી પસંદ કરે છે.

બાકી જ્યાં સુધી આંબા નિકાસ કરવાની વાત છે ત્યાં સુધી આફૂસ કેરી હંમેશાં ચોટના સ્થાને રહી છે. નિકાસકારો કહે છે કે આપણે દર વર્ષે ૬૦,૦૦૦ ટન આંબા નિકાસ કરીએ છીએ. અગાઉ તેમાંથી ૬૦ ટકા હિસ્સો આફૂસ કેરીનો રહેતો. પણ છેલ્લા એક દાયકામાં આબોહવામાં આવેલા પરિવર્તનને કારણે હવે આફૂસનો ભાગ માત્ર ૨૫ ટકા જ રહ્યો છે. અલબત્ત, આબોહવાના પલટાએ આપૂસની પેદાવાર ઘટાડી છે, પરંતુ ગુણવત્તાની દ્રષ્ટિએ તે આજે પણ મોખરે છે. વળી મોટાભાગના દેશો હવે એવો આગ્રહ રાખતા થઈ ગયા છે કે ભારતીય કેરી નિકાસ કરવામાં આવે તેનાથી પહેલા પેકેજિંગ હાઉસમાં તેને કડક પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે તેથી જ પેકેજિંદ માટે મોકલવામાં આવતા આંબો પસંદગીની કડક પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. આ ઉપરાંત કેરી જે તે દેશમાં નિકાસ કરવામાં આવે તેનાથી પહેલાં તે કેટલા દિવસમાં ત્યાં પહોંચશે તેની ગણતરી માંડીને તેમાં એવી કેરી પેક કરવામાં આવે છે જે તેની મંઝિલ સુધી પહોંચતા સુધીમાં બરાબર પાકી જાય. નિકાસકારો વધુમાં કહે છે કે જુની પદ્ધતિમાં કેરીને ઘાસની વચ્ચે રાખવામાં આવતી. તેનું કારણ એ હતું કે ઘાસમાંથી ઝરતું એથિલીન કેરીને પાકવામાં મદદગાર બને છે. પરંતુ હવે કેરી પકવવા માટે કૃત્રિમ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. તેનું કારણ એ છે કે તેઓ બજારમાં કેરી બહુ જલ્દી મોકલવા માંડે છે. તેથી વૃક્ષ પર કેરી ૮૦થી ૮૪ ટકા જેટલી પાકે એટલે તેને ચૂંટી લેવામાં આવે છે. તેઓ ઉમેરે છે કે જો વૃક્ષ પર કેરી ૯૦ ટકા કરતાં ઓછી પાકી હોય તો તેને તોડયા પછી પાકતા વધુ સમય લાગે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીને કેરી અત્યંત પ્રિય હતી. તેથી મહારાષ્ટ્ર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પ્રેમલા ચૌહાણ જ્યારે જ્યારે તેમને મળવા જતાં ત્યારે એક અત્યંત જાણીતા કેરીના વેપારી પાસેથી સારામાં સારા આંબા લઈને જતાં. પ્રેમલા ચૌહાણ મજાકમાં કહેતાં કે જો હું કેરી લીધા વિના તેમને મળવા જાઉં તો મને ઈન્દિરા ગાંધીના ઘરમાં પ્રવેશ ન મળતો.

ઈન્દિરા ગાંધીની જેમ જ અટલ બિહારી વાજપેયી પણ કેરીના રસિયા હતા. તેમના નાનપણના મિત્ર, પુણેના અણ્ણા ક્વિાલકર કેરીની સીઝનમાં અટલજીને દર અઠવાડિયે બે કરંડિયા કેરી મોકલી આપતાં.

જો કે સેલિબ્રિટીઓ ઉપરાંત પૈસાપાત્ર લોકો તો કેરી ખરીદીને તેની લિજ્જત માણી શકે છે. પણ દર વર્ષે વધતા જતા આંબાના દામ સામાન્ય માણસની પહોંચથી બહાર જઈ રહ્યાં છે. તેમાં વળી આ વર્ષે પડેલા કમોસમી વરસાદે આમ આદમીની આંબા ખાવાની રહીસહી આશા પર પણ પાણી ફેરવી દીધું હોય એવો માહોલ જોવા મળે છે. શું ફળોનો રાજા ખરેખરા 'રાજામહારાજા'ઓની જેમ સામાન્ય માણસની પહોંચની બહાર જ રહેશે?

# જૈન જાગૃતિ સેન્ટર લેડિઝ વિંગ - માંડવી
# હાડકાના રોગોનો નિદાન અને સારવારનો નિઃશુલ્ક કેમ્પ




માંડવીઃ બંદરીય માંડવી શહેરમાં તાજેતરમાં બહેરા મુંગા શાળામાં જૈન જાગૃતિ સેન્ટર (જે.જે.સી) લેડીઝ વિંગના ઉપક્રમે, હાડકાને લગતા રોગોની તપાસ માટેનો ઓસ્ટીઓપોરોસીસનો નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો.

શ્રીમતી દમયંતીબેન ગ્યાનચંદ શાહ અને ભંડારી પરિવારના સૌજન્યથી યોજાયેલા આ નિઃશુલ્ક કેમ્પનો ૭૦ લોકોએ લાભ લીધો હતો. પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન વોરાએ સૌ મહેમાનો અને લાભાર્થીઓને આવકારી સંસ્થાના વિવિધ સેવાકીય પ્રવૃતિઓની માહિતી આપી હતી.

અતિથિ વિશેષ પદેથી માંડવીના નગરપતિશ્રી મેહુલભાઈ શાહે આ કેમ્પના આયોજન બદલ જે.જે.સી. લેડીઝ વિંગના હોદ્દેદારોને અભિનંદન પાઠવી નગરજનો માટે આ કેમ્પને આશીર્વાદરૂપ ગણાવ્યો હતો. આ કેમ્પમાં સેવા આપનાર ડો. રોહનભાઈ ભાનુશાલી અને ડો. પારૂલબેન ગોગરીએ નિદાનાત્મક કાર્ય કરી વધુમાં જણાવ્યું હતું કે, દર ત્રણમાંથી એક સ્ત્રીને અને દર પાંચમાંથી એક પુરુષને ઓસ્ટીયોપોરોસીસ હોય છે. ૫૦ વર્ષની ઉમર પછી થતા ૮૦ ફ્રેક્ચર ઓસ્ટીયોપોરોસીસના કારણે થાય છે. મોટી ઉમરના લોકોમાં ઉંચાઈ ઘટી જવી, કમરેથી વળી જવું વગેરે ઓસ્ટોયોપોરોસીસના કારણે મણકા નબળા પડવાથી થાય છે.

આ કેમ્પમાં દવામાં ૩૦ ટકા રાહત આપવામાં આવી હતી કેમ્પને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ શ્રીમતી ગીતાબેન વોરા, મંત્રી શ્રીમતી ભારતીબેન સંઘવી અને ડો. પારૂલબેન ડેનીશભાઈ ગોગરી, જે.જે.સી. કચ્છના કોર્ડિનેટર ભાવિનભાઈ શાહ, સંસ્થાના ખજાનચી હીનાબેન મહેતા, ચંદ્રિકાબેન, મમતાબેન, નૈતિકભાઈ એ નિલેશભાઈ ભંડારી વગેરેએ જહેમત ઉઠાવી હોવાનું દિનેશભાઈ શાહે જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી શ્રીમતી ડો. પારૂલબેન ડેનિશભાઈ ગોગરીએ કરેલ હતું. જ્યારે મંત્રી શ્રીમતી ભારતીબેન પ્રબોધભાઈ સંઘવીએ આભાર વિધિ કરી હતી.

# जैन जागृति सेंटर - उदयपुर महिला शाखा ने शरु की प्याऊ



उदयपुर : जैन जागृति सेंटर की महिला शाखा ने आनंद प्लाजा, आयड़ पर प्याऊ की शरूआत शनिवार को की। यह प्रकल्प महावीर जयंती की आयोजन श्रृंखला के तहत हाथ में लिया गया है। संरक्षक पिंकी मांडावत और अध्यक्ष कुसुम जैन ने बताया कि प्याऊ पर रोज ठंडे पानी के १५ कैंपर रखे जाएंगे। लोकार्पण कार्यक्रम के अतिथि मनोहर चौधरी, पार्षद नानालाल हया, महेश भावसार थे। प्रमुख सुशीलाबेन महेता तथा कविता बोहरा, प्रणीता तलसेरा, सुमन लूणदिया, कुसुम भंसाली आदि कमिटी मेम्बरो मौजूद थे।

# जैन जागृति सेंटर सेंट्रल बोर्ड चैरिटेबल ट्रस्ट ने पुलवामा हमले में शहीदो के परिजनो को आर्थिक सहायता की

## शहीदों के परिजनों को दिए सात-सात लाख

वाराणसी। जैन जागृति सेंटर सेंट्रल बोर्ड चैरिटेबल ट्रस्ट मुंबई की ओर से रविवार को पुलवामा हमले में शहीद हुए वीर जवानों के परिजनों को सात-सात लाख की आर्थिक सहायता प्रदान करी गई।

शिवपुर में आयोजित कार्यक्रम में उत्तर प्रदेश के १२ शहीदों के परिवारजनो को सात-सात लाख का चेक दिया गया। जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड चॅरिटेबस ट्रस्ट के चेयरमैन जितेन्द्र कोठारी ने बताया कि पुलवामां हमले में सभी शहीदो के परिजनो को सात-सात लाख की आर्थिक सहायता दी जाती है। इससे पूर्व १४ अप्रैल को उदयपुर में पांच शहीदों के परिवारो को आर्थिक सहायता दी गई। चार मई को अमृतसर में चार परिवारो को २८ लाख रूपये का चेक दिया जाणेगा। कार्यक्रम में शहीद अवधेश कुमार यादव (मुगलसराय), पंकज त्रिपाठी (महराजगंज), अमित कुमार (शामली), विजय कुमार मौर्या (देवरिया), रमेश यादव (वाराणसी), प्रदीप सिंह (कन्नौज), महेश कुमार (प्रयागराज), राम वकील (मैनपुरी), कौशल कुमार रावत, प्रदीप कुमार (शामली), अजीत कुमार आजाद (उन्नाव) और श्याम बाबु के परिवार को चेक दिया गया। जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड के व्हाईस चेरमेन श्री प्रफुल कामदार, महेन्द्रभाई तुरखिया, ज्ञानु शुक्ल, त्रिजुगी नाथ शुक्ल, ओम प्रकाश शुक्ल, राधे श्याम शुक्ल, प्रशांत त्रिपाठी, राकेश सिंह, सूर्यकांत तिवारी, शिवानंद तिवारी आदि उपस्थित रहे।






जैन जागृति सेंटर सेंट्रल बोर्ड चेरिटेबल ट्रस्ट चेरमेन श्री जितेन्द्र एस. कोठारी और जैन जागृति सेंटर सेंट्रल बोर्ड के वाईस चेरमेन श्री प्रफुल कामदार, महेन्द्रभाई तुरखिया, जैन महाजन ट्रस्टी के सदस्य समागम दौरान शहीदो के एक परिवार को ७-७ लाख का चेक दिया गया ।

पुलवामा आतंकी हमले में शहीद अवधेश यादव की पत्नी शिल्पी याद को शनिवार को मैनकाइंड फार्मा की ओर से ढाई लाख रूपेय की आर्थिक सहायता दी गई। वरिष्ठ बाल रोग विशेषज्ञ डॉ. अशोक राय ने शिल्पी को चेक प्रदान किया। डॉ. अशोक राय ने कहा कि मातृभूमि के लिए प्राणों की आहुति से बढ़कर कोई त्याग नहीं है। इस दौरान मैनकाइंड फार्मा की ओर से गौरव गुप्ता, संजय तिवारी, जितेंद्र वर्मा, अजीत, सुमित मौजद रहे।

# जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड और जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड चैरीटेबल ट्रस्ट ४४ शहीद परिवारो को दे रहा ३.८ करोड़ की राशि

## पंजाब के ४ शहीद परिवारों को आर्थिक मदद के लिए दिए ७-७ लाख रूपए के चैक

तरनतारन, ५ मई (रमन) : पुलवामा हमले में शहीद हुए जवानों की याद में एक शहीदी समागम हरिके पत्तन में करवाया गया। इसमें पंजाब के ४ शहीद परिवारों की आर्थिक मदद करते हुए जैन जागृति सैंटर सैंट्रल बोर्ड और चैरीटेबल ट्रस्ट मुंबई की तरफ से ७-७ लाख रूपए के चैक भेंट किए गए।



जैन जागृति सेंटर सेंट्रल बोर्ड चेरिटेबल ट्रस्ट चेरमेन श्री जितेन्द्र एस. कोठारी और जैन जागृति सेंटर सेंट्रल बोर्ड के चेरमेन श्री संजय बी. शाह, ट्रेझरर श्री राजेशभाई गांधी और श्री महेन्द्रभाई तुरखीया श्री हरेशभाई पारेख व जैन महाजन ट्रस्टी के सदस्य समागम दौरान एक परिवार को सात लाख का चैक भेंट करते हैं।

जैन जागृति सैंटर सैंट्रल बोर्ड के चेरमेन श्री संजयभाई शाह, जैन जागृति सेंटर सेंट्रल बोर्ड चॅरिटेबल ट्रस्ट के चेरमेन श्री जीतेन्द्रभाई कोठारी, ट्रेझरर श्री राजेशभाई गांधी, श्री महेन्द्रभाई तुरखीया, मोहिंदर शाह, राजेश पारेख ने बताया कि श्रीनगर के पुलवामा क्षेत्र में सी.आर.पी.एफ. की बस पर किए फिदायीन हमले के दौरान देश के ४४ जवान शहीद हो गए थे। उन्होंने बताया कि इस हमले के दौरान सभी शहीदों के परिवारों को आर्थिक मदद के तौर पर ७-७ लाख रूपए उनके घर जाकर दिए जा रहे हैं। इसके तहत सभी शहीदों के परिवारों को आर्थिक मदद के लिए दिए जो वाली कुल रकम ३ करोड़ ८ लाख रूपए है।

उन्होंने आज इस शहीदी समागम में जिला तरनतारन के शहीद सुखजिंदरसिंह, धर्मकसिंह और दीनानगर के शहीद जवान मनजिंदर सिंह के परिवारों को ७-७ लाख रूपए के चैक दिए। उन्होंने बताया कि जैन जागृति सैंटर सैंट्रल बोर्ड चैरीटेबल ट्रस्ट, मुंबई की तरफ से ५-५ लाख और मुंबई जैन महासंघ ट्रस्ट की तरफ से २-२ लाख रूपए की मदद की जा रही है।

संजय भाई ने बताया कि सांझे तौर पर उनकी टीम द्वारा पहले यु.पी. के १७ शहीदों को १ करोड १९ लाख रूपए की राशि उनके परिवारों को घर घर जाकर दी जा चुकी है और अब टीम की तरफ से आज शाम शहीदी समागम का आयोजन किया गया जिसमें पंजाब के ४ शहीदों के परिवारों का सम्मान करते हुए उन्हें आर्थिक मदद के तौर पर ७-७ लाख रपए की राशि के चैक भेंट किए गए। इस अवसर पर हलका हीरा के विधायक कुलबीर सिंह जीरा, जलका पट्टी के विधायक हरमिंदर सिंह गिल के अलावा बड़ी गिनती में लोग उपस्थित थे।

# जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड और जैन जागृति सेन्टर सेन्ट्रल बोर्ड चैरीटेबल ट्रस्ट वृहद जैन समाज मुंबई की पहल

## पांच शहीदों के परिवारों को ७-७ लाख की मदद



उदयपुर : पुलवामा के आतंकी हमले में शहीद हुए राजस्थान के जवानों के परिवारों को आर्थिक सहायता का क्रम जारी है। जैन जागृति सेंटर बोर्ड मुंबई की ओर से ५-५ लाख और वृहत मुंबई जैन समाज ने २-२ लाख रूपए की सहायता देने का निर्णय लिया है।

जैन जागृति सेंटर डायमंडस की ओर से अल्का होटल में मंगलवार सुबह ११ बजे होने वाले समारोह में ५ शहीदों के परिवारों को सहायता राशि दी जाएगी। जैन जागृति सेंटर डायमंडस अध्यक्ष टीनू मांडावत ने बताया कि शहीद के परिवारों को सम्मान और सहायता राशि के चेक जैन जागृति सेंटर सेन्ट्रल बोर्ड चॅरिटेबल ट्रस्ट के चेरमेन श्री जीतेन्द्रभाई कोठारी, जैन जागृति सेंटर सेन्ट्रल बोर्ड के चेरमेन श्री संजयभाई शाह, अने वाईस चेरमेन श्री प्रफुलभाई कामदार, वृहद मुंबई जैन समाज के हरेश पारिख, महेन्द्रभाई तुरखिया प्रदान करेंगे। सचिव लुणदिया ने बताया कि राजसमंद के शहीद नारायण गुर्जर, धोलपुर के भागीरथ सिंह, फोटा के हेमराज मीणा, भरतपुर के जीतराम और जयपुर के रोहिताश लांबा के परिवारों को सहायता राशि सोंपी जाएगी।

## जेजेसी डायमंड - उदेपुर का शपथ ग्रहण सम्पन्न




जैन जागृति सेन्टर डायमंड - उदेपुर (राजस्थान) की कार्यकारिणी को जेजेसी के चेयरमैन श्री संजय बी. शाह ने शपथ दिलाई। होटल जस्ता में आयोजित इस कार्यक्रम के मुख्य अतिथि जेजेसी चेरिटेबल ट्रस्ट के चेरमेन श्री जितेन्द्र कोठारी थे। जेजेसी वाईस चेरमेन श्री प्रफुल कामदार थे। नवगठित कार्यकारिणी में अध्यक्ष श्री टीनू मांडावत, उपाध्यक्ष निर्मल हड़पावत, सचिव श्री चेतन लुणदिया, सहसचिव राजेश फान्दोत, कोषाध्यक्ष श्री कैलाश सिंघवी ने शपत ग्रहण की। कार्यक्रम का संचालन सुशीला महेता ने किया।




## We Turn Your Events To Moments

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

:॥अवसर॥:®
ALL ABOUT MARRIAGE

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com





Right Frame for
Right Occasion

OPTICAL PALACE

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com





*Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!*

EVERY SAREE TELLS A STORY

Sukanya®
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર (સાયન – માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

**પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ** વર્ષ ૨૦૧૯-૨૦૨૦

## શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ –વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

સેન્ટરના વ્હાલા સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દરેક વર્ષની માફક આ વર્ષે પણ **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૧૫,૦૦૦/– થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઈ** (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઈમાં થાણા સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ** માટે **દત્તક** લેવાનું નકકી કર્યુ છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (શાળાની ફી, યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરૂ નામ, સરનામું, ફોન નંબર.
૨) મુળવતન, બાળકની જન્મતારીખ.
૩) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ તેમ જ સરનામું.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.
૫) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોક્સ તથા ધોરણ પાસ કર્યુ હોય તેની માર્કસ શીટ.
૬) શાળાની ફીનું બંધારણ

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે શનિવાર, **તારીખ ૪ થી મે ૨૦૧૯ થી તા. ૨૨ મી જૂન, ૨૦૧૯** દરમ્યાનના **કોઈપણ બુધવારે અથવા શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન** નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.

C/o. **સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.**

૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

**ખાસ નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરી આવવુ નહિ.**

જૈન જાગૃતિ સેન્ટર (સાયન-માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબનાં ચેરીટેબલ કાર્યો અને સહાય માટે ફંડો ચલાવવામાં આવે છે.

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ**

**શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ -** કેળવણી - શિક્ષણ ફંડ

**શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી -** ઈન્ફોટેક ફંડ

**શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ -** મેડીકલ ફંડ

**શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ -** ડાયાલીસીસ ફંડ

**શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ -** માનવ રાહત ફંડ

**શ્રીમતી મંગલાબેન જશવંતલાલ શાહ -** અનાજ રાહત ફંડ

**શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ -** જીવદયા ફંડ

**શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઈ શાહ -** સ્કોલરશીપ ફંડ

✍...લી.

જયંતભાઈ એમ. શાહ ● સતીષભાઈ સી. શાહ
જયેન્દ્રભાઈ એમ. સંઘવી ● સુરેશભાઈ કે.શાહ
હેમંતભાઈ ડી. શાહ ● જીતેન્દ્રભાઈ એમ. શાહ
ટ્રસ્ટી અને કન્વીનીયર્સ

**રાજેશભાઈ સી. ગાંધી**
ચેરમેન

ADVT

# વિલને ચેલેન્જ થાય નહીં તે માટે શું કરવું?

- કિશોર એમ. શાહ

દરેક વ્યક્તિ માટે વિલ એ બહુ જ મહત્ત્વનો દસ્તાવેજ છે. જે વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષથી વધારે હોય તેણે પોતાનું વિલ કરવું જ જોઈએ. આ વિલ એવું જડબેસાલક બનાવવું જોઈએ કે જેથી ભવિષ્યમાં તેની હયાતી બાદ કોઈ કોર્ટમાં કે બીજે પડકારી શકે નહીં.

આ માટે નીચેના મુદ્દા ખાસ ધ્યાનમાં રાખવા.

**વિલ ૧૦૦ રૂપિયાનાં સ્ટેમ્પ પેપર ઉપર ટાઈપ કરવું.**

કાયદા પ્રમાણે વિલ સ્ટેમ્પ પેપર પર લખેલું હોવું જરૂરી નથી પણ ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર વિલનું પહેલું પાનું ટાઈપ કર્યું હોય તેની કાયદેસરતા વધી જાય છે. આનો ફાયદો એ છે કે સ્ટેમ્પ પેપર ઉપર તારીખ લખેલી હોય છે તેનાં પરથી એ સાબિત થઈ શકે કે વિલ સ્ટેમ્પ પેપરની ઉપરની તારીખ પછીનું જ છે. સ્ટેમ્પ પેપર એ જ વ્યક્તિનું હોવું જોઈએ જેનું વિલ કરવાનું હોય.

**વિલ નોટરી પાસે ડિક્લેર કરવાના ફાયદા**

- વિલ સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવ્યું હોય તો તેની કાયદેસરતા ઘણી વધી જાય છે. તે એક કાયદેસરનો દસ્તાવેજ બની જાય છે. સ્ટેમ્પ પેપર પર ટાઈપ કરેલું વિલ નોટરી પાસે જ નોંધાવવું જોઈએ વિલ કરનારા વ્યક્તિએ નોટરીનાં રજિસ્ટરમાં સહી કરવી. નોટરીના રજિસ્ટરમાં એન્ટ્રી કરવી અને રજિસ્ટરમાંનો સિરિયલ નંબર અને તારીખ બરાબર હોવી જોઈએ. નોટરી કર્યાની રસીદ પણ લઈ લેવી જોઈએ. વિલ નોટરી પાસે ડિક્લેર કર્યાનો ફાયદો એ કે તે વિલને ચેલેન્જ કરવું લગભગ અશક્ય થઈ જાય છે. શરત એ કે નોટરી રજિસ્ટરમાં એન્ટ્રી બરાબર થઈ હોવી જોઈએ. વિલ ઉપર એન્ટ્રીનો સિરિયલ નંબર અને તારીખ લખેલા હોવી જોઈએ. વિલ નોટરી પાસે ડિક્લેર કરાવો ત્યારે વિલમાં જે સહી હોય તેવી જ સહી નોટરી રજિસ્ટરમાં હોવી જરૂરી છે.

**વિલનાં દરેક પાનાં ઉપર આખી સહી**

- વિલ કરતી વખતે એક પણ પાનું કોરું છોડવું નહીં. વિલ કરનાર વ્યક્તિએ ફાઉન્ટન પેનથી નહીં પણ ડાર્ક બોલપેનથી આખી સહી કરવી. વિલનાં દરેક પાનાં પર જમણી બાજુ આખી સહી કરવી. જોકે વિલના દરેક પાનાં પર વિલના સાક્ષીની સીહની જરૂર નથી. વિલના છેલ્લાં પાનાં પર જ સાક્ષીની સહીની જરૂર નથી. વિલના છેલ્લાં પાનાં પર જ સાક્ષીની સહીની જરૂર છે. વિલ કરનાર એ સાક્ષીઓની સહી એક જ ડાર્ક બોલપેનથી હોય તો વધારે સારું. વિલ કરનાર વ્યક્તિ વિલ કરે ત્યારે બન્ને સાક્ષીઓ હાજર હોય એ વખતે સહી કરતા હોય તેવો ફોટો પાડી લેવો. વિલ કરનાર વ્યક્તિની ઉંમર સિત્તેર વર્ષથી વધારે હોય તો એક વકીલની અને એક ડૉક્ટરની સહી લેવી. સાક્ષીઓ વિલની કોપી કાયદેસર માગે તો પણ તેમને આપવી નહીં.

વિલ કરતી વખતનો ફોટો કરતાં વિલ કરનાર પોતે સહી કરતી હોય અને બન્ને સાક્ષીઓ સહી કરતાં હોય તેનો વીડિયો ઉતારી લેવો વધુ સારો વિકલ્પ છે. શક્ય હોય તો દિવાલ પાછળ એક કૅલેન્ડર રાખવું જેથી તારીખ વીડિયોમાં આવી શકે. વિલ કરનાર વ્યક્તિની ઉંમર ૭૦ વર્ષથી વધારે હોય તો જે દિવસે વિલ થયું હોય તે દિવસે ડૉક્ટર પાસેથી સર્ટિફિકેટ પણ લઈ લેવું કે વિલ કરનાર વ્યક્તિએ તેની ઈચ્છાથી અને કોઈના પણ દબાણ વગર રાજીખુશીથી અને સમજી વિચારીને વિલ કર્યું છે. વિલના બન્ને સાક્ષી હોય તો વધારે સારું કારણ કે ભવિષ્યમાં કોઈ કારણસર પ્રોબેટની પિટિશન કરવી પડે તો વિલના સાક્ષીનું એફીડેવિટ કરવું ફરજિયાત છે.

વિલના સાક્ષીઓને એટેસ્ટીંગ વીટનેશ કહેવાય છે અને પ્રોબેટની પિટિશન કરવી હોય તો બે સાક્ષીમાંથી એકની એફીડેવિટ કરવું ફરજિયાત છે. કારણ કે એના વગર પ્રોબેટ નખી મળી શક્તું.

### વિલના રજિસ્ટ્રેશનના ફાયદા

- ઈન્ડિયન રજિસ્ટ્રેશન એક્ટ પ્રમાણે વિલનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત નથી તેમ છતાંય તે વિલનું રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર પાસે કરાવેલું હોય તો તેને ચેલેન્જ કરવું લગભગ અશક્ય થઈ જાય છે તેને માટે થઈને વિલ કરનાર વ્યક્તિએ સબરજિસ્ટ્રારની એપોઈન્ટમેન્ટ લઈને જવું પડે છે તેની સાથે તેનું આધાર કાર્ડ, ઈન્કમ ટેક્સ કાર્ડ, પાસપોર્ટની કે વોટિંગ કાર્ડની કોપી પણ રાખવી જરૂરી છે વિલનું રજિસ્ટ્રેશન કરાવવાનું હોય તો વિલનાં દરેક પાનાં પર લખાણ હોવું જરૂરી છે અને એક પણ પાનું કોરું ન હોવું જોઈએ. વિલનું રજિસ્ટ્રેશન કરાવવા જાય ત્યારે બન્ને સાક્ષીઓની હાજરી પણ જરૂરી છે અને બન્ને સાક્ષીઓનાં ઈન્કમ ટૅક્સ કાર્ડ, આધાર કાર્ડ, પાસપોર્ટ અને વોટર આઈડી કાર્ડ સાથે રાખવાં જરૂરી છે. વિલ કરનાર વ્યક્તિએ પોતાનો લેટેસ્ટ ફોટો લગાડવો જોઈએ.

### ઓપન રજિસ્ટ્રેશન એટલે શું ?

વિલનું રજિસ્ટ્રેશન બે રીતે થાય છે એટલે કે પહેલાં રજિસ્ટ્રેશનને ઓપનર રજિસ્ટ્રેશન કહેવાય છે. વિલનું ઓપન રજિસ્ટ્રેશન કરવા માટે વિલ કરનાર વ્યક્તિએ બન્ને વિલના સાક્ષીઓ સાથે સબરજિસ્ટ્રારની ઑફિસમાં જવું પડે છે. સબરજિસ્ટ્રારની સામે તેણે સહી કરવી પડે છે. ત્યાર પછી સબરજિસ્ટ્રાર સહી કરે અને બુકમાં એન્ટ્રી કરે છે. વિલ કરનાર વ્યક્તિને તેનું વિલ પાછું આપી દે છે આને ઓપન રજિસ્ટ્રેશન ઑફ વિલ કહેવાય છે. ઓપન રજિસ્ટ્રેશનનો મોટો ફાયદો એ છે કે વિલ કરનાર વ્યક્તિએ રજિસ્ટ્રારની સામે સહી કરી હોવાથી વખતે રજિસ્ટ્રાર પણ હાજર હતા અને બન્ને સાક્ષીઓની સાથે વિલ કરનાર વ્યક્તિ પણ હાજર હતો. વિલને ચેલેન્જ કરવું મુશ્કેલ થઈ જાય છે. આ વિલનું રજિસ્ટ્રેશન થયા પછી સબરજિસ્ટ્રાર તેની રસીદ આપે છે કે વિલ કરનાર વ્યક્તિએ તેની હાજરીમાં જ રાજીખુશીથી વિલ કર્યું છે.

### વિલનું બીજું રજિસ્ટ્રેશન કઈ રીતે થાય છે ?

પહેલાં આપણે જોયું કે વિલનું રજિસ્ટ્રેશન થયા પછી ઓરિજીનલ વિલ વિલ કરનારને પાછું આપી દેવામાં આવે છે. જ્યારે બીજા તબક્કામાં વિલનું રજિસ્ટ્રેશન સબરજિસ્ટ્રાર પાસે થાય ત્યારે પછી તે વિલ સબરજિસ્ટ્રાર પોતે જ રાખી લે છે. આને ''રજિસ્ટ્રેશન ઑફ વિલ વિથ ડિપોઝિટ વિથ સબરજિસ્ટ્રાર'' કહેવાય છે. આ બીજા તબક્કામાં એક વખત વિલ સબરજિસ્ટ્રારમાં ડીક્લેર કરાવ્યા પછી સબરજિસ્ટ્રાર ઓરીજીનલ વિલ પોતાની પાસે રાખે છે અને વિલ કરનાર વ્યક્તિ ગુજરી જાય ત્યાર પછી તેના એક્ઝિક્યુટરને સબરજિસ્ટ્રાર વિલ પાછું આપે છે. આ જાતનું ફુલપ્રૂફ વિલ છે પરંતુ આ કરતાં પહેલાં એક જ વસ્તુનું ધ્યાન રાખવું કે એક વખત સબરજિસ્ટ્રાર પાસે વિલ ડિક્લેર કરીને વિલ ડિપોઝિટ કર્યું હોય અને ત્યાર પછી નવું વિલ કરવું હોય તો પહેલાં રજિસ્ટર્ડ થયેલું વિલ પાછું લઈ લેવું પડે છે. ત્યાર પછી જ નવું વિલ કરી શકાય છે. સબરજિસ્ટ્રાર પાસે વિલ ડિક્લેર કર્યા પછી ડિપોઝિટ કરેલું હોય તો પહેલાં જૂનું વિલ પાછું ખેંચીને નવું વિલ રજિસ્ટર્ડ કરાવવું. રજિસ્ટર્ડ થયેલું વિલ હોય ત્યાર પછી અનરજિસ્ટર્ડ વિલ કરવું જ નહી. વિલનું રજિસ્ટ્રેશન ફરજિયાત ન હોવાથી કારણ વગરનું વિલનું રજિસ્ટ્રેશન કરાવવું નહીં બહું જ મોટું સંયુક્ત કુટુંબ હોય અને તે કુટુંબમાં બાપદાદાના નામની ઘણી જ જૂની ઈમમુવેબલ પ્રોપર્ટી હોય જેના ભાગ ન પડાયા હોય અને વિલ કરનાર વ્યક્તિને લાગે કે તેના ગુજરી ગયા પછી ઘરના સભ્યો વચ્ચે મતભેદ પડશે તો જ વિલનું રજિસ્ટ્રેશન કરાવવું.

# अभिग्रह व्रत की आराधना

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

बहुत पुराने जमाने की बात है, एक शहर में एक राजा राज्य करता था, उनकी एक रानी थी और एक बेटा ५ वर्ष का। राजा बहुत सुखी थे, राज्य का संचालन व्यवस्थित चल रहा था। उनकी बडी हवेली ८ मन्जिल की थी। एक दिन राजा और रानी ८वीं मन्जिल पर झरोखे में बैठकर झुला झूल रहे थे। संसार की और राज्य की बात चल रही थी, रानी साहेबा बहुत ही सीधे और भोले थे।

अचानक राज्य के मुख्य मार्ग से, एक व्यक्ति की अन्त्येष्टि, और साथ में बडी संख्या में लोग, गम-गिन अवस्था में जा रहे थे। चारों और सन्नाटा छाया हुआ था। सिर्फ ''राम नाम सत्य है'' की आवाज कानों में गूँज रही थी। राजा ने दूत को भेजकर पता करवाया की यह किसकी अन्त्येष्टि है, कौन मर गया है। तुरन्त खबर आती है, इस शहर के नगर शेठ का, इकलोता बेटा मर गया है, लोक भी इस कारण बहुत दुःखी थे, सुनकर राजा के चहेरे पर भी उदासी छा गई, राजा चिन्ता में पड गये। इधर जब रानी निचे की ओर कोतुहलपूर्वक देखती है, तो उसे ज्ञात हुा, बहुत सारे लोग एक जुलुस के रुप में जा रहे है, रानी ने राजा से तुरन्त पूछा यह किसका जुलुस निकला है। राजा ने कहा यह जुलुस नहीं है, नगर सेठ के लडके की मृत्यु हुई है, और उसकी अन्तिम यात्रा निकली जा रही है। रानी कि जिज्ञासा बढ रही थी, उसने राजा के सामने प्रश्नों की बौछार लगा दी थी। मृत्यु कैसे होती है! यह मृत्यु क्या है! लोग क्यों दुःखी होते है! आदि, राजा शान्ति से कहने लगे - जो व्यक्ति यहाँ जन्म लेता है, उसकी मृत्यु अवश्य होती है। और जिनकी मृत्यु होती है, उसके अपने जो होते है, वे इस कारण दुःखी होते है। रानी कहने लगी यह दुःख क्या होता है? रानी बहुत भोली थी, राजा उसके भोलेपन से प्रसन्न थे। मन ही मन राजा सौच रहे थे, की रानी को मृत्यु और दुःख का, आभास तो कराना ही होगा, तभी रानी दुःख और मृत्यु की भाषा समझ पायेगी।

राजा मन ही मन सोच रहे थे, हमारा इकलोता बेटा है, इसकी मृत्यु से रानी को दुःख और मृत्यु का आभास होगा। एक दिन राजा सोच समझकर अपने ५ वर्ष के बेटे को ८वीं मंजिल से निचे फेंक देते है। राजा ने जैसे ही बच्चे को निचे फेंका, साथ में रानी खडी थी, संजोग से निचे फुल बेचने वाले टोकरी में फुल भरकर ले जा रहे थे, अचानक राजकुमार उस फुल की टोकरी में गिरता है, और वह बच जाता है, बन्धुओं ८ मन्जिल से गिरने वाला बालक बच नहीं सकता, पर जिसके महान पुण्य का उदय हो, उसको कोई भी मार नहीं सकता है। यहाँ बालक एवं रानी दोनों के पुण्य का उदय था, कि हादसा होते बच गया। राजा सोचने लगा में रानी को, दुःख एवं मृत्यु का पाठ पढाना चाहता हूँ, लेकिन इनके जबरदस्त पुण्य के उदय, की बालक बच जाता है।

कुछ दिन बीते राजा ने तो, मन में तय कर ही रखा था, कि रानी को बोध देना है। अब राजा व्यवस्थित योजना बनाकर, बालक को जहर देने की सौचता है, एक बार उसने बच्चे को दूध में जहर मीलाकर पीला दीया। जहर बहुत तेज था, बालक ने दूध पिते ही तुरन्त उल्टी कर दी, और जहर बाहर निकल गया, इतना ही नहीं उस बालक के उदर में कोई रोग था, वह भी जहर में माध्यम से समाप्त हो गया। राजा असमंजस में पड जाता है, जिसकी मृत्यु न लिखी हो, उसे कोई मार नहीं सकता है, और जिसके पुण्य का उदय हो, उसे कोई दुःख नहीं पहुँचा सकता है। यह बात राजा - रानी को समझाने वाले थे, लेकिन अब राजा के समझानेवाले थे, लेकिन अब राजा के समझ में यह बात आ गई।

**''जांको राखे साईयां मार सके न कोई''**

अब राजा की जिज्ञासा और बढ गई थी, ऐसा क्या रानी और बच्चे के किस्मत में है, कि बच्चे को कोई मार नहीं सकता, और रानी दुःखी नहीं होती है, उनके महान कर्म के उदय है, लेकिन ऐसे शुभ कर्म कैसे बन्धते है, यह किसी से पूछना होगा। एक बार उसी शहर में ज्ञानी भगवन्त पधारे, वे केवली थे। राजा ने उनकी पधारने की बात सुनी, राजा प्रसन्न हुआ, और उनके दर्शन के लिये पहुँच गया, राजा ने दर्शन वन्दन कर केवली सन्त से अपने प्रश्न का समाधान चाहा, केवली अपने ज्ञान के आधार से सब कुछ समझ गये, उन्होंने रानी का पूर्व भव, अपने ज्ञान के आधार से देखा, और कहेने लगे - पूर्व भव में रानी एक श्रीमन्त जैन परिवार में जन्मी थी, उनका अच्छे परिवार में लग्न हुआ था। यह बहन तीसरे मन्जिल पर रहती थी, पहले और दुसरे मन्जिल पर देराणी - जेठाणी का निवास था। शहर में सन्त बिराज रहे थे, बहन उनके दर्शन वन्दन एवं प्रवचन सुनने जाती थी, एक दिन सन्त की प्रेरणा से बहन ने उपवास किया, दुसरे दिन पारणे के पूर्व अभिग्रह का पच्चखाण लिया - अभिग्रह था, ''सन्त गोचरी पधारे और मुझे सुपात्र दान का लाब मिले तो मैं पारणा करुँगी'' किन्तु परिवार के लोग उसके खिलाफ थे।

वह चाहती ऐसा नहीं होने देते थे, उसका अभिग्रह फला नहीं, सन्त के पास जाकर दुसरे उपवास के पच्चखाण लिये, दुसरे दिन भी ऐसा ही हुआ, अभिग्रह फला नहीं, तपस्या बढती गई, और पाँच उपवास के दिन बहन की अचानक मृत्यु हो गई, उपवास एवं अभिग्रह की आराधना से उसे राजसी सुख प्राप्त हुआ, रानी बनी, और सुन्दर राजकुमार प्राप्त हुआ। इतने जबरदस्त पुण्य का उदय की उसे किसी प्रकार के दुःख का आभास ही नहीं होता था। राजकुमार दो बार मरते मरते बच गया।

कहते है, तप के बाद, अभिग्रह से पारणा करने वालों को, तप से दस गुना ज्यादा लाभ मिलता है। अभिग्रह धारण करने वाला व्यक्ति, अपने आने वाले भव से, बहुत सुखी होता है, उसे अपने परिवार का दुःख भी सहन नहीं करना पडता है, एवं ऐसी आत्मायें मन से बहुत भोली होती है। उनके महान पुण्य का उदय होता है, और यह पुण्य जब उदय में आता है, उसके परिवार में अल्प आयु में किसी की मृत्यु नहीं होती है। हमें तपस्या के साथ छोटा अभिग्रह भी अवश्य करना है।

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૬૯૫૬૬૯૯

લિ. સેક્રેટરી જનરલ
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ



# યાદદાસ્ત એ આશીર્વાદ કે શ્રાપ???

❑ જાદવજી કાનજી વોરા - મુલુંડ

ઈશ્વરની કૃપા હોય ત્યારે જ મનુષ્યને સારી યાદદાસ્તનું વરદાન મળતું હોય છે. કેટલાક માણસોની યાદ રાખવાની શક્તિ બહુ જ સારી હોય છે અને તેમને નાની નાની વાતો પણ સહેલાઈથી યાદ રહી જતી હોય છે જ્યારે અમુક માણસોને ખાસ કંઈ પણ વધારે યાદ રહેતું હોતું નથી અને તે જરૂરી મહત્વની વાતો પણ ભૂલી જતા હોય છે. મહત્વની વાત એ છે કે આપણે શું યાદ રાખવાનું હોય છે? આપણે કઈ બાબતો યાદ રાખવાની હોય?

યાદદાસ્તને તીજોરીની ઉપમા આપવામાં આવી છે. આપણે તીજોરીમાં હંમેશા હીરા, મોતી, સોનું, ચાંદી વગેરે બહુમૂલ્ય જર ઝવેરાતોને સાચવતા હોઈએ છીએ. કોઈ પણ માણસ ધૂળ, માટી, ઢેફાં કે કાંકરા જેવી ક્ષુલ્લક વસ્તુઓને ક્યારેય પણ પોતાની તીજોરીમાં નહીં રાખે. ધ્યાનમાં રહે કે, આપણું મગજ પણ યાદોની તીજોરી સમાન હોય છે. આપણા મગજમાં પણ આપણે હેત, પ્રેમ, સ્નેહ, સુસંબંધો અને કોઈકે કરેલા ઉપકારોને સાચવવાના હોય, ક્યારેય પણ આપણા મગજમાં કોઈની સાથેના બગડેલા સંબંધો, અણબનાવો કે ઊભી થયેલી ગેરસમજણોને સ્થાન આપીને તેને તીજોરીને બદલે કચરાપેટી બનાવવાની ભૂલ કરતા નહીં. સારા માણસો આપણી જીંદગીમાં આવે એ આપણી ભાગ્યતા છે અને એની સાથે સંબંધો જોડી રાખવા એ આપણી યોગ્યતા છે. સારા માણસો સાથે ગાળેલી યાદગાર ક્ષણોને હંમેશા યાદ રાખીને આપણે આપણી યોગ્યતા પુરવાર કરવાની પાત્રતા કેળવવી જોઈએ. જો આપણે જીંદગીમાં બનેલા સારા પ્રસંગોને યાદ રાખવાની કળા હસ્તગત કરી લઈશું તો આપણી યાદદાસ્ત આપણા માટે આર્શીવાદસમ હશે પણ, જો આપણે આપણા જીવનમાં કમનસીબે બનેલા અણગમતા બનાવોને વારંવાર વાગોળતા રહીશું તો આ યાદો આપણા માટે એક શ્રાપ બનીને આપણું જીવ્યું હરામ કરી દેશે.

યાદને ખજાનાની પણ ઉપમા આપવામાં આવી છે. આપણા ઘરની, પ્લોટની કે વાડી, વગડાની કોઈક સીમા કે મર્યાદા હોઈ શકે છે, પણ, યાદોનું તો એવું છે કે એની કોઈ જ સીમા કે મર્યાદાઓ હોતી નથી. એવું ક્યાંક વાંચ્યાનું યાદ આવે છે કે માણસ સામાન્ય રીતે દરરોજના ૬૫૦૦૦ જેટલા વિચારો કરે છે. આપણને નવાઈ લાગે કે આટલા બધા વિચારો ક્યાંથી આવતા હોય છે? હકીકતમાં એ બધા માણસના મગજની તીજોરીમાં સચવાયેલા પડયા હોય છે. યાદોની કોઈ જ લીમીટ નથી હોતી.

કેટલીક વખત આપણા મગજમાં યાદો કેટલી સજ્જડ રીતે ચોંટી જાય છે તેનો એક દાખલો એટલે ૧૯૭૩ની સાલમાં નિર્માતા નાસીર હુશન દ્વારા પ્રદર્શિત એ વખતે રૂપિયા સાડા પાંચ કરોડની જબરદસ્ત કમાણી કરીને પદાર્થ ઉપર ધૂમ મચાવનાર ''યાદોંકી બારાત'' નામની એક બેનમુન ફીલ્મનો આપી શકાય. આ ફીલ્મમાં ત્રણ ભાઈઓમાંથી આમીરખાન અને વિજય અરોરા, નાના હતા ત્યારે તેમની નજર સમક્ષ, પોતાના માતા-પિતાના શકાલ દ્વારા કરાયેલી લૂંટફાટ અને ખૂનની ગહેરી યાદો તેમના મગજમા સજ્જડ રીતે અંકિત થઈ ગઈ હતી. એ વખતે ધર્મેન્દ્ર બહુ જ નાનો હોવાથી તેને કાંઈ જ યાદ નથી. પાછળથી આ ત્રણેય ભાઈઓને ફરી પાછા મેળવી આપવામાં નિમિત્ત બને છે.

આ યાદોનું એવું છે કે જો એક વખત કોઈક દુખદ કે ગંભીર યાદ આવી જાય તો પછી તે લાખ કોશિશ કરવા છતાં પણ મગજમાંથી સહેલાઈથી હટતી હોતી નથી. ક્યારેક તો કોઈકની સાથે થયેલા ગેરસમજણના બનાવો કે બગડેલા સંબંધોની અમુક યાદો એવી જટીલ હોય છે કે માણસની ઉંઘ પણ હરામ થઈ જતી હોય છે. એવું પણ કહેવાય છે કે નાનપણમાં જ્યારે યાદ રહેતું નહોતું ત્યારે સહુ કોઈ સલાહ આપતા કે, 'યાદ રાખો... યાદ રાખો!' જ્યારે હવે આપણે વયસ્ક થઈ ગયા છીએ ત્યારે ભૂતકાળમાં કોઈકની સાથે બનેલા કોઈ કમનસીબ અણબનાવો કે માઠા પ્રસંગો આપણે ભૂલી જવા જોઈએ પણ, તે ગમે તેટલી કોશિશો કરવામાં આવે છતાં પણ સહેલાઈથી ભૂલાતા નથી હોતા અને આપણી નજર સમક્ષ ખડા થઈ જતા હોય છે ત્યારે, આપણા બધા જ હેતુ સંતોષીઓ આપણને સલાહ આપતા હોય છે કે, ''જુની વાતોને હવે મગજમાંથી કાઢી નાખો અને ભૂલી જાવ!''

કાવ્ય જગતના મહાન કવિ શ્રી હરીન્દ્ર દવેએ પણ યાદદાસ્ત વિશે આ સુંદર કાવ્ય રચ્યું છે...

કોને ખબર તને હશે એ મારી દશા યાદ?
મુજને તો આ ઘડી સુધી છે તારી સભા યાદ.
એકાન્તની ક્ષણો, એ અમારે નસીબ ક્યાં?
સ્વજનો તજીને જાય તો સરજે છે સભા યાદ.
નાનકડા નીલ વ્યોમથી ટપકી રહી તો જે,
જલધારા ફક્ત યાદ ને મોસમ, ન ઘટા યાદ.
વીસરી ગયો તો એમને બે ચાર પળ કબૂલ,
આપી ગયા હવે એ જીવનભરની સજા યાદ.
એને પૂછી શકો તો કોઈ સંકલન મળે,
મુજને તો ઝાંખી ઝાંખી ને અસ્પષ્ટ કથા યાદ.
એ કલ્પના કે સત્ય હવે ભેદ ક્યાં રહ્યો!
પૂછો છો તો આવે છે મને કંઈક કથા યાદ.
પૂછો તો અંશ માત્ર બતાવી શકું નહીં,
મનમાં તો એની છે મને એકેક અદા યાદ.

પ્રેમી અને પ્રેમીકાનુ ંપણ એવું હોય છે કે, એક વખત એ પ્રેમમાં પડે પછી બંનેને એકબીજાની યાદ બહુ જ સતાવતી હોય છે, કે ''તુમસે તુમ્હારી યાદ અચ્છી, જો બીન બુલાયે ચલી આતી હૈ, તુમ તો આકર ચલી જાતી હો, વો આકર જાતી નહીં!' અન્ય એક કવિએ તો વળી લખ્યું છે કે, ''વીતી ગયેલા દિવસો બવે યાદ નથી કરતા અને બાકી રહેલા દિવસો હવે બરબાદ નથી કરવા. શું મળ્યું અને શું ગુમાવ્યું જીવનમાં. જવા દો ને યારો હવે કોઈ હિસાબ નથી કરવા...! જીવો તો બસ માત્ર વર્તમાનમાં જ જલ્સાથી જીવો! એવી રીતે જીવો કે, જીંદગી ના મિલે દુબારા!.




''એ યાદ હું શું કરું ફરીયાદ
કે ફરીફરીને આવે છે યાદ'

યાદ એ બે અક્ષરનો એક શબ્દ જે આખા આકાશને આંબવા મથે છે. ખુબ જ સરસ હોય છે. આ યાદોની દુનિયા આપણા જીવનના નાના નાના ટુકડાઓ યાદ બનીને જીવનભર આપણી સાથે રહે છે. યાદ ચોકલેટ જેવી હોય છે. જેનો ધીમે ધીમે સ્વાદ લેવાની મજા જ કાંઈક અલગ છે.

મોટા થઈને બચપનની યાદ આવે, પ્રિયતમને પ્રિયતમાની યાદ આવે, દાદા દાદીને બાળકોની યાદ આવે, ગૃહિણીઓને પિયરની યાદ આવે,ો બિઝનેસમાં સેટ થયા પછી કોલેજ દિવસોની યાદ આવે. તો આ યાદો તો સંભારણાઓનો પટારો છે.

સુભાષઘાઈની એક મુવી છે, જેનું નામ જ 'યાદે' છે. તેનું ટાઈટલ ગીત પણ ખુબ જ સરસ છે.

नगमे है, शिकवे है, किस्से है, बाते है,
बाते भूल जाती है, यादे याद आती है
ये यादे किसी दिला ओ जानम के
चले जाने के बाद आती है
यादें यादें यादें

કેટલું સરસ કહ્યું છે. વાતો તો ઘણીબધી હોય છે, પણ તે ભુલાઈ જાય છે પણ યાદો તો હંમેશા બધાની આવી જ જાય છે. તેમાં પણ આપણા કોઈ પ્રિયજનનાં આકસ્મિક વિદાય પછી તેમની યાદ ખુબ જ આવે છે. મને ખ્યાલ છે અમારા કુટુંબના ભાભી છે જેમના પતિ ખુબ જ નાની ઉમરમાં મૃત્યુ પામ્યા હતા. ભાભીની ઉમર ત્યારે ખુબ જ નાની હતી. તેમને સમજાવામાં આવ્યા અને તેમની સામે બીજા લગ્નનો પ્રસ્તાવ પણ મુકવામાં આવ્યો. ત્યારે તેમણે ના પાડી. બધાએ સમજાવ્યું કે આખું જીવન તમે એકલા કેવી રીતે પસાર કરશો? ત્યારે એક ક્ષણના વિલંભ વગર કહેલું, 'હું એકલી ક્યાં છું? તેમની (પતિની) યાદો છે ને મારી સાથે!' હું તેમની યાદોના સથવારે મારું જીવન જીવી

લઈશ. તો આ છે યાદોની તાકાત જે તમને હિંમત પૂરી પાડે છે.

યાદનું સૌથી ઉત્તમ ઉદાહરણ તો રાધા ક્રિષ્નાનું છે. માત્ર બાળપણનો પ્રેમ અને સહવાસ, બાકીનું પૂરૂં જીવન પોતપોતાનાં કર્મ પ્રમાણે પૂરૂં કર્યું. આખુ જીવન એકબીજાથી અલગ રહ્યા પરંતુ યાદોનાં સથવારે એકબીજા સાથે જોડાયેલા રહ્યા. સાથે નથી રહ્યાં છતા પ્રેમી યુગલમાં તેમનું નામ સર્વપ્રથમ લેવાય છે.

ભગવાન ક્રિષ્ના ગોકુળ મૂકીને મથુરા ગયા પછી જીવનમાં ક્યારે પણ ગોકુળમાં પાછો પગ નથી મૂક્યો. ગોકુળ મૂક્યા પછી તેઓએ ક્યારે પણ માખણ નથી ખાધું. તેઓ કહેતા 'માખણ મને મા યશોદાની યાદ અપાવે છે.' મોટા રાજા દ્વારકાધીશ બની ગયા બાદ પણ તેઓ ઘણીવખત ગુમસુમ થઈ જતા હતા. ત્યારે તેમની પટરાણી રાણી રુક્મણી સમજી જતા કે તેઓ આજે રાધાની યાદોમાં ખોવાઈ ગયા છે. તો આટલી જાહોજહાલી વચ્ચે પણ તેઓ રાધાની યાદમાં ગુમસુમ થઈ જતા.

દરેક સિક્કાની બે બાજુ હોય છે, એટલે જેવી રીતે અમુક યાદોથી આપણે ખુબ ખુશ થઈ જઈએ છીએ એવી રીતે ઘણી ના ગમે એવી વાતો અને યાદો પણ હોય છે. દરેકનાં જીવનમાં સારા અને ખરાબ અનુભવ થયા જ હોય છે. ઘણી વખત ના ગમતી જૂની વાતો યાદ આવી જતી હોય છે. આપણે તેને ભૂતકાળ સમજી ભૂલી જવાનું હોય છે. સારી યાદોને ચોકલેટની જેમ સ્વાદ લેવાનો અને ના ગમતી યાદોને ચોકલેટનાં રેપરની જેમ ડસ્ટબીનમાં નાખી દેવાની.

ઘણી વ્યક્તિઓને ફરિયાદ હોય છે કે મને કાંઈ યાદ રહેતું નથી, તો ડોક્ટર્સ પણ એમ કહે છે જૂની વાતો યાદ ન રહેવી એ આપણા માટે વરદાન સમાન છે. કારણ કે ભૂતકાળની ઘણી યાદો આપણને તકલીફ પણ આપે છે અને આપણે વર્તમાનમાં ખુશ નથી રહી શકતા, ત્યારે ભૂલવું વરદાન રૂપ છે.

વૃદ્ધાવસ્થામાં પહોંચેલી વ્યક્તિને આપણે મળીએ તો ખ્યાલ આવશે કે તેઓ ભૂતકાળમાં વધારે રહેતા હોય છે. તેઓ હંમેશા એમ કહેતા હોય છે કે ''અમારા જમાનામાં તો આ રીતે થતું હતું'' ''કે ત્યારે અમે આ રીતે રહેતા હતા.'' તો આ તેમની યાદોનો ખજાનો છે જે કોઈ તેમની પાસે આવે અને તેમની વાત સાંભળે ત્યારે ખોલે છે. તેમી બધી વાતો તેમનાં વિતેલા જીવનની યાદો વાગોળવામાં જ હોય છે. આપણે તેમની યાદો શાંતિથી સાંભળીએ તો એમના ચહેરા ઉપર સંતોષ જોવા મળે છે. તેમનાં જીવનનાં બાકીના વર્ષો તેમના વિતેલા દિવસોની યાદોને મમળાવતા જ વિતાવવાનાં હોય છે.

વિતેલા દિવસો ક્યારેય પાછા નથી આવતા, વિતેલો સમય પણ ક્યારેય પાછો નથી આવતો, પણ તે દિવસોની યાદો ઉપર આપણો ચોક્કસ હક છે.

યાદોની દુનિયા ઘણી વિશાળ છે. મનની બારી ખોલીએ તો યાદોનું પૂરૂં આકાશ આપણી સામે આવીને ઉભું રહી જાય છે.

અંતમાં માત્ર આટલું

यादे भी कितनी अजीब होती है
जीन पलों में हम रोये थे.,..
उन्हें याद करके हमें हंसी आती है,
और जीन पलों में हम हंसे थे,
उन्हें याद करके रोना आता है।




*સરહદ બાંધેલી ખુદ જ પણ...*
*કાંટા વગરની હોવી જોઈએ.*
*યાદની હર એક ક્ષણ પણ*
*ફરિયાદ વગરની હોવી જોઈએ.*

જ્યારે તમે કોઇને 'ફરિયાદ' કરો છો ત્યારે એક વિષચક્રનું નિર્માણ થાય છે. જે સતત તમારામાં Negativity ભરતું રહે છે. હા, માનવ સહજ ક્ષણિક ફરિયાદ સ્વાભાવિક છે, પણ બને તેટલા વહેલા તેના મૂળ સુધી જઈ પરસ્પર સંવાદ કે ચર્ચા દ્વારા **Transparency** સ્થપાય તે માટે પ્રયત્નશીલ થવું અથવા તે વ્યક્તિના સ્થાન પર પોતાને મૂકી તેના વર્તન વ્યવહારનું કારણ સમજવા, પ્રયત્ન કરવો. આમ છતાંય જો મનને તદ્દન અર્થવિહિન લાગે તો તે પરિસ્થિતિ અને તે વ્યક્તિ માટે એવું વિચારી શકાય કે તે પોતાના વિચાર અને પોતાની મરજી મુજબ જીવન જીવવા સ્વતંત્ર છે. તેને જે યોગ્ય લાગ્યું તે કર્યું હશે. દરેકનો **Point of view** અલગ હોઈ શકે. એમ વિચારી એક **Positive** ભાવ રાખી જીવનમાં તે પરિસ્થિતિ અને સંબંધથી આગળ વધી જવું. હા, દરેક સંબંધની એક ગરીમા હોય છે તે જાળવી તેને સાચવીને વ્યવહાર કરી શકાય ને અનિવાર્ય સંજોગોમાં તેને મૂકીને બિલકુલ દ્વેષભાવ રાખ્યા વગર પૂર્ણવિરામ મૂકી આગળ વધી શકાય.

યાદ રાખવા જેટલું યાદ રાખી લેવું ને ફરિયાદ કરવા જેવું 'ફરી' યાદ કરી **Delete** કરી યાદ રાખી લેવું.

સ્મરણમાં રહી જાય તેવી યાદના પવનની લહેર દરેકના જીવનમાં હોય છે. જેનું ક્યારેય પણ મરણ થતું નથી. સ્વ-ઈચ્છાથી પણ નહીં... પણ જો એ સ્મરણ સાથે કડવાહટ જોડાયેલી હશે તો તે ચોક્કસ પોતાના મન, સપના, આત્મા માટે મરણીય સાબિત થશે. સ્મરણની સાફસફાઈ હંમેશાં કરતા રહેવું જોઈએ. તેનામાંથી **Negativity.** દ્વેષભાવના, કાકરાં વિણીને સ્વચ્છ કરતા રેહવું

પડે... તો જ હળવા થઈને જીવનની વર્તમનાન ક્ષણોને માણી શકાય...

વળગણ નથી રહસ્ય છે એ તો,
મનો સંવાદનું...
જીવેલું, વહેંચેલું સતત રહે છે સ્મરણમાં,
ગુનેગાર નથી બનાવવા કે...
નહીં પહેરું કેદીપણું,
સંગાથ વસે છે સતત જેનાં
એક એક વ્યવહારમાં.
ઊગી ગયેલ નિંદણનું પરિણામ છે
આ પૂર્ણવિરામ,
બાકી યાદ નથી એ છે સ્મરણનું પોટલું
લીધી છે ટીકીટ સાથે જેને જીવનપ્રવાસમાં...

સંસ્મરણ એ એક કિમતી જણસ છે, જે જિંદગીમાં સાથે રહીને જીવનમાં આગળ વધવામાં મદદ કરે છે, જીવાડે છે, જીવંત રાખે છે જીવનમાં થોડા સત્કાર્ય કરાવી વિચારશક્તિને ઊંચે લઈ જવામાં, આત્માની પ્રગતિ કરવામાં મદદ કરે છે..

યાદમાં રહી જનારા તો કાંકરા હતા બધા...
સ્મરણમાં જીવંત છે,
હજીય રણકો તે જોડાણનો.

જે પરિસ્થિતિ, જે સમય, જે સંબંધ આપણને ઘણું બધું શીખવી જાય, પોતાનામાં રહેલ કમજોરી, વિકલાંગતા બહાર કાઢી જાય તે માત્ર યાદમાં, વહી જઈ એક ફ્રેમ બની રહી જાય છે... જ્યારે જેમાં આપણે સાચા અર્થમાં સાચા ભાવથી જીવ્યાં હોઈએ, કદાચ 'જીવતા' શીખ્યા હોઈએ... તે સ્મરણ રૂપે આત્માના અભિન્ન અંગ બની મર્યા પછી પણ આત્માની સાથે જ રહે છે. જાણે આખેઆખો સંબંધ આખે આખો તે જીવનનો ભાગ જીવતો હોય ખુદને સંગ...

*વહેતું નથી વહી જાય છે બધું, એ ક્ષણને સાથે.*
*જ્યાં વ્યવહાર નહીં, વિવરણ થતાં હોય.*
*છતાંય રહેતું નથી રહી જાય છે બધું*
*એ ક્ષણની સાથે... જ્યાં રહેઠાણ નહીં,*
*વસવાટ થતાં હોય છે.*

પ્રતિકૃતિ સમ જયારે કોઈ જીવનમાં હોય તે મિત્ર હોય, જીવનસાથી હોય કે પ્રિયજન.. ત્યારે તેની છાપ મન પર અમીટપણે છોડી જતી હોય છે. એવું કોઈ **Eraser** કે **Whitener** નથી બન્યું કે તેને ભૂસી શકે. તેનાં શબ્દો, થોડા વિચાર, વ્યવહાર આપણા શબ્દોમાં, વ્યવહારમાં, વિચારમાં આપોઆપ વણાઈ જતા હોય છે અને આવી પ્રતિકૃતિ મળવી એ ઈશ્વરનો એક ચમત્કાર ગણે કે આશીર્વાદ બીજું કંઈ જ નથી. હા, બધાના ભાગ્યમાં તે હોતું નથી.

અરિસાની સામે ઊભા રહી જો આપણી આંખોમાં કંઈક ચિત્ર ધૂંધળું દેખાય તો તે ચિત્ર પરની ધૂળ સાફ કરી સ્પષ્ટતા કરી લેવી જોઈએ. પછી ભલેને તે ચિત્ર જોવું આપણી આંખોને ફરી ક્યારેય ન ગમે... ભલે ને તે ચિત્ર ગમે તેટલું કદરૂપું હોય, પરંતુ તેનું ધૂંધળાપણું એક કણાની માફક કાયમ ખૂંચતું રહે તેના કરતા તે ધૂળ સાફ કરી સ્પષ્ટ ચહેરો તે સંબંધનો, તે વ્યક્તિનો જોઈ લેવો જરૂરી છે. તો જ વ્યવહારની તે સંબંધ અને તે સમયની થોડીક ઊજળી બાજું સ્મરણમાં લઈ બાકીની જિંદગી હળવા થઈને પ્રસન્નતાથી જીવી શકાય છે.

*-સાભાર સર્જનહારમાંથી*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭'<br>Bcom - સર્વિસ | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૨) | મિનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૩) | દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨''<br>Bcom – | જૈન શ્વેતાંબર<br>ગુજરાત - મુંબઈ | (મો) ૯૯૨૦૫૮૭૫૯૮<br>(મો) - |
| ૪) | કુનાલ નરેશ શાહ, ૧૯-૪-૧૯૯૧, ૫-૧૧'<br>B.Com., LLB., C.S. | જૈન દેરાવાસી<br>પોરબંદર - મુંબઈ | (મો) ૯૪૨૮૭૦૩૪૭૦<br>(મો) - |
| ૫) | આકાશ રમેશચંદ્ર શાહ, ૧૫-૩-૧૯૭૫, ૫'-૮''<br>BEIT.,Engg. - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી જૈન<br>ગુજરાત- સી.એ., યુ.એસ.એ. | (ઘર) ૯૩૭૫૭૧૫૩૨૯<br>(મો) - |
| ૬) | વિશાલ હસુભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮ ૫'-૮''<br>B.Com.,- બિઝનેસ | દેરાવાસી જૈન<br>લાઠીદળ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૭) | રાજન મહેતા, ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C. with diploma gra. design - બિઝનેસ (છુટાછેડા) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વરાદિયા - ગુજરાત - ઘાટકોપર | (ઘર) ૦૨૨૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૨) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૩) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૪) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધ: લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | જીનલ તુષારકુમાર શાહ, ૭-૧૦-૧૯૯૨, ૫'-''<br>B.Com. | સત્તાવીસ દશા પોરવાડ જૈન<br>શેરીસા - મુંબઈ | (ઘર) ૨૩૮૮૬૧૧૪<br>(મો) ૯૮૩૩૫૫૧૦૨૩ |
| ૬) | શિલ્પા કનુભાઈ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧''<br>B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) -<br>(મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૭) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭''<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૮) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી (ઈ) | (ઘર) -<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

# જેમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

નમન મિડ ટાઉન, ૧૫મે માળે, એ વિંગ, સેનાપતિ બાપટ માર્ગ, પ્રભાદેવી, મુંબઈ – ૪૦૦ ૦૧૩. ફોન : + ૯૧ ૨૨ ૬૧૦૧ ૯૧૦૧ / ૬૧૦૧ ૯૧૦૨

# જેજેસી નોર્થ ઈસ્ટ તથા સમસ્ત કારોબારી ટીમનો દિલથી માનીએ છીએ, આભાર !

'જેમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ'નો આરંભ થયો વર્ષ ૧૯૮૩માં...અને ત્યારથી લઈને આજસુધી અમારી સાથે દેશ–વિદેશમાં પ્રવાસ કરવા માટે જોડાયેલાં સહુકોઈ જાણે કે બની ગયાં છે અમારા પરિવારના સભ્ય સમાન !

**અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ 'જેજેસી નોર્થ ઈસ્ટ'નો...**

કે જે હવે અમારા વિશાળ પરિવારનું એક મહત્વનું અંગ બની ચૂક્યું છે.

વર્ષ ૨૦૧૦થી અમારામાં વિશ્વાસ મૂકીને 'જેજેસી નોર્થ ઈસ્ટ'ના સભ્યો માટે સતત અનેક ટૂરનું આયોજન કરવાનો અમને જે મોકો આપ્યો એને અમે પડકારરૂપે સહર્ષ સ્વીકારી લઈને દેશ–વિદેશ'માં અનેક પ્રવાસનું આયોજન કર્યું.

આપના સેન્ટરના સભ્યોની બાદશાહી સગવડ સચવાય અને તેમને દરેક પ્રવાસમાં વિશેષ આનંદ મળે એ રીતે સેવા આપવાના અમારા નિષ્ઠાવાન પ્રયાસોને આપ સહુએ બિરદાવ્યા છે એ અમારે માટે ગૌરવ સમાન છે.

**અમોને વિશ્વની 'નંબર વન' વેજીટેરિયન ટૂર બ્રાન્ડ તરીકે સુવિખ્યાત થવામાં આપે અમોને સતત પ્રોત્સાહિત કર્યાં. આપની સાથેના અમારાં સંબંધો ગાઢ સંબધ બનાવીને આપે અમારું માન અને સ્થાન ઉન્નત બનાવ્યું છે.**

**જેમ ટૂર્સ દ્વારા જેજેસી નોર્થ ઈસ્ટના સભ્યો માટે આજસુધીમાં અનેક યાત્રા–પ્રવાસનું સફળ આયોજન થઈ ચૂકયું છે. જેમાં વિદેશમાં સાઉથ આફ્રિકા, કેન્યા, અલાસ્કા – કેનેડિયન રોકિઝ, દુબઈ, સ્કેન્ડીનેવિયા – રશિયા, ગ્રીસ – તુર્કી, તથા ભારતમાં કોવાલમ – હૈદ્રાબાદ ઉપરાંત આ વર્ષે વિદેશ પ્રવાસ ક્ષેત્રે મધ્ય યુરોપ અને રશિયા, સ્પેન – પોર્ટુગલ તથા ક્રોએશિયા પ્રવાસનું ભવ્ય આયોજન સફળતાપૂર્વક કરી શકયાં છીએ એ માટે અમને ગૌરવ છે.**

**દરેક જૈન મિત્રો–પરિવારજનોને અમારો નમ્ર અનુરોધ :**

આપ વિશ્વની પ્રથમ ક્રમાંકની શાકાહારી ટૂર બ્રાન્ડ 'જેમ ટૂર્સ' સાથે
સલામતી – તોતિંગ ખરિદ શકિત – વિરાટ ઈન્ફ્રાસ્ટ્રકચર
તથા પ્રવાસન ઉદ્યોગની સહુથી ઊંચી નેટવર્થ ધરાવતી, વિશ્વના ૯૦થી વધુ દેશોમાં
પ્રવાસનું આયોજન (શાકાહારી વાનગીઓ પિરસવાની સાથે)
અનુભવી મેનેજમેન્ટ અને State of the Art ૧૪૦૦૦ સ્કવેરફુટની
વિશાળ અને ભવ્ય ઓફિસમાં કાર્યરત ગ્રાહકોને સમર્પિત 'નંબર વન' ટૂર કંપની સાથે પ્રવાસ કરો
અને નચિંત થઈને...કરો યાત્રા પ્રવાસ અને જલસા અમાપ !

Advt.


**ફરી એકવાર જેજેસી નોર્થ ઈસ્ટનો આભાર !**

Ad Art (Himanshu Upadhyaya) : 98201 01242

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

# પહેલી પૂણ્યતિથીએ ભાવાંજલિ

## પિતામહ સમાન અમારાં માર્ગદર્શક



દેહવિલય
૨૧-૦૫-૨૦૧૮



## શ્રી જેઠાલાલ ખેંગાર મોરબિયા

અલ્પ બોલવું અને કાર્યો કરવા વિરાટ...
એ જ ઓળખ 'સવાયા જૈન' જેઠાલાલભાઈની...

મુરબ્બી શ્રી જેઠાલાલભાઈ દેહસ્વરૂપને ત્યાગીને
'અરિહંત શરણ'માં ગયાં એને એક વર્ષ થયું.
આજીવન અલ્પ બોલીને
તેમણે વિરાટ સામાજિક કાયો કર્યાં.
ખંત તથા ખુમારી એમના આભુષણ રહ્યાં.

તેઓ સહુકોઈ માટે સ્પષ્ટવકતા સ્વજન બનીને રહ્યાં.
આજે પણ તેમણે આદરેલા
જનહિતના કાયોની સુવાસ ચારેકોર મઘમઘે છે.
કન્યા શિક્ષણનું મહત્વ સમજીને તેઓએ
પોતાના વતનમાં કન્યાશાળાનું નિમાણ કયું
અને અન્નક્ષેત્રને સતત યોગદાન આપતા રહ્યાં.
હાયર એજ્યુકેશન સહાય પ્રોજેકટ માટે
તેઓનું યોગદાન સવિશેષ રહ્યું.
'જેજેસી' અભિયાનને તેઓનું માર્ગદર્શન સતત મળતું રહ્યું.

**આપ જીવંત હતાં, છો અને રહેશો...**

## જેઠાલાલ મોરબિયા ચોક

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા
આ મૂક મહામાનવની સેવાઓની કદરરૂપે
તેમની હસ્તીને બનાવી ચિરંજીવ !
પોલિસ હોકી ગ્રાઉન્ડના પ્રવેશદ્વાર પાસે
વલ્લભબાગ રોડ એકસ્ટેન્શન અને શાંતિ માર્ગ જંકશન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૭નું નામકરણ

**'જેઠાલાલ મોરબિયા ચોક'**

કરવામાં આવ્યું.
દેહસ્વરૂપે જે મહામાવે સમાજસેવાના અનેક કાર્યો કર્યાં
તેમનું 'સ્મારક' આવનારા દિવસોમાં,
ભવિષ્યની પેઢીને
ધર્મ અને કર્મના મર્મનું 'સ્મરણ' કરાવતું રહેશે.

**જેજેસી નોર્થ ઈસ્ટ**

ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કંપાઉન્ડ, હિંગવાલા લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૫.
ફોન : ૨૫૦૧ ૦૪૨૦ / ૨૫૦૧ ૦૦૭૮

Advt.

Ad Art (Himanshu Upadhyaya) : 9820101242

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**